શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત

# યોગસાર



યોગસારસ્વરૂપ શ્રી બાહુબલી મુનિરાજ

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૨૨૦

ॐ

શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત

# યોગસાર

(મૂળ પ્રાકૃત ગાથાઓ, સંસ્કૃત છાયા,
ગુજરાતી પદ્યાનુવાદ તથા
અન્વયાર્થ સહિત)

: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**

પ્રથમ આવૃત્તિ | પ્રત ૩૦૦૦ | વિ. સં. ૨૦૬૫

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૧૨=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૧૦=૦૦ રાખવામાં આવી છે.

કિંમત રૂા. ૧૦=૦૦

: મુદ્રક :

**સ્મૃતિ ઑફસેટ**

સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

PH (02846) 244081

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રકાશકીય નિવેદન

આચાર્યવર શ્રી યોગીન્દુદેવ કૃત આ યોગસાર ગ્રંથ મહા અધ્યાત્મશાસ્ત્ર છે, 'શ્રી પરમશ્રુતપ્રભાવકમંડળ--શ્રીમદ્ રાજચંદ્ર જૈન શાસ્ત્રમાળા' દ્વારા પરમાત્મપ્રકાશ ગ્રંથની સાથે-સાથે આ ગ્રંથનું પ્રકાશન મૂળગાથા સંસ્કૃત છાયા તથા તેના હિન્દી અનુવાદ સહિત કરવામાં આવ્યું હતું. આ પ્રકાશનમાં મૂળ પ્રાકૃત ગાથા, તેની સંસ્કૃત છાયા, ગુજરાતી પદ્યાનુવાદ (દોહા) તથા અન્વયાર્થ સહિત છાપવામાં આવેલ છે.

પરમોપકારી આત્મજ્ઞસંત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આ ગ્રંથ પર અલૌકિક, સ્વાનુભવરસગર્ભિત, નિજાત્મકલ્યાણપ્રેરક પ્રવચનો કરી મુમુક્ષુઓને આ અધ્યાત્મશાસ્ત્રના ભાવોનું રહસ્ય અત્યંત સરળ રીતે સમજાવ્યું હતું. જેના પરિપાકરૂપે અધ્યાત્મરસિક મુમુક્ષુઓમાં આ મહાન શાસ્ત્રનો અભ્યાસ કરવાની રુચિ જાગૃત થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીનાં આ શાસ્ત્ર પર થયેલાં પ્રવચનો ટેપ થયેલાં હોવાથી આજે પણ CD દ્વારા મુમુક્ષુઓ અત્યંત રસપૂર્વક આ પ્રવચનોના શ્રવણનો લાભ લઈ રહ્યા છે.

આ ગ્રંથના રચયિતા દિગંબરાચાર્ય હતા. જોઈન્દુ, યોગીન્દુ, યોગેન્દુ, જોગીચંદ્ર—એવા વિવિધ નામોથી આપ પ્રસિદ્ધ હતા. આપની રચનાઓ મુખ્યપણે આધ્યાત્મિક રસથી ભરપૂર અને અધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા આપનારી હતી. વિદ્વાનોનું માનવું છે કે આપ પૂજ્યપાદસ્વામી પછીના ઈ.ની છટ્ઠી શતાબ્દિ પછી અને સાતમી શતાબ્દિ પૂર્વના મુનિરાજ હતા. આપની રચનાઓ (૧) પરમાત્મપ્રકાશ (૨) નૌકાર શ્રાવકાચાર, (૩) યોગસાર, (૪) અધ્યાત્મ-રત્નસંદોહ (૫) સુભાષિતતંત્ર (૬) તત્ત્વાર્થ ટીકા (૭) દોહાપાહુડ (૮) અમૃતાશીતી (૯) નિજાત્માષ્ટક (૧૦) સ્વાનુભવદર્પણ છે.

આ આવૃત્તિના પ્રકાશનમાં અમને અત્યંત ઉપયોગી માર્ગદર્શન આપવા માટે બ્ર. શ્રી ચંદુલાલ જોબાળિયા તથા વઢવાણનિવાસી બ્ર. શ્રી વજુભાઈ શાહનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. તદુપરાંત આ કાર્યમાં મદદરૂપ થનારા સર્વે મુમુક્ષુઓનો પણ આભાર માનીએ છીએ.

અંતમાં આ ગ્રંથનું સુંદર મુદ્રણ કાર્ય કરવા માટે અમો શ્રી કહાન મુદ્રણાલયના આભારી છીએ.

મુમુક્ષુઓ આ શાસ્ત્રનો પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલા રહસ્યોદ્‌ઘાટનને આત્મસાત કરી, ગ્રંથકારે બતાવેલ સંસારની પ્રત્યેક વસ્તુથી ભિન્ન નિજ આત્માને અનુભવવારૂપ નિજ આત્મસાધનામાં પ્રવૃત્ત થવા અર્થે આ શાસ્ત્રનો અભ્યાસ કરે એજ અભ્યર્થના.

માગસર વદ-૮,
વિ. સં. ૨૦૬૫
શ્રી કુંદકુંદાચાર્યદેવ પદવી દિન
તા. ૧૯-૧૨-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ❁ અનુક્રમણિકા ❁


| વિષય | ગાથા નં. | પૃષ્ઠ નં. |
|---|---|---|
| મંગલાચરણ | ૧ | ૧ |
| શ્રી અરહંત ભગવાનને નમસ્કાર | ૨ | ૨ |
| આ ગ્રંથ રચવાનું નિમિત્ત અને પ્રયોજન | ૩ | ૨ |
| આવા ભયંકર સંસારમાં જીવને રખડવાનું કારણ | ૪ | ૩ |
| ત્યારે જીવ ચાર ગતિમાં ભમતો કેમ અટકે? | ૫ | ૩ |
| હવે એ ચિંતન કેમ કરવું તે કહે છે | ૬ | ૪ |
| હવે બહિરાત્માનું સ્વરૂપ કહે છે | ૭ | ૪ |
| હવે અંતરાત્માનું સ્વરૂપ વર્ણવે છે | ૮ | ૫ |
| પરમાત્માનું સ્વરૂપ | ૯ | ૫ |
| બહિરાત્મા પરને પોતારૂપ માને છે | ૧૦ | ૬ |
| ગુરુ-ઉપદેશ | ૧૧ | ૬ |
| આત્મજ્ઞાની જ નિર્વાણ પામે છે | ૧૨ | ૭ |
| ઈચ્છા વગરનું તપ જ નિર્વાણનું કારણ છે | ૧૩ | ૭ |
| બંધ અને મોક્ષનું કારણ | ૧૪ | ૮ |
| પુણ્યથી પણ મુક્તિ નથી | ૧૫ | ૮ |
| એક આત્મદર્શન જ મોક્ષનું કારણ છે | ૧૬ | ૯ |
| શુદ્ધ આત્માને જાણવો તે જ ખરેખર મોક્ષ પામવાનો ઉપાય છે | ૧૭ | ૧૦ |
| હેય-ઉપાદેયને જાણનાર ગૃહસ્થ પણ નિર્વાણપદને પામે છે | ૧૮ | ૧૦ |
| જિનેન્દ્રનું સ્મરણ પરમપદનું કારણ છે | ૧૯ | ૧૧ |
| પોતાનો શુદ્ધ આત્મા અને જિનવરમાં કાંઈ પણ ભેદ નથી | ૨૦ | ૧૧ |
| જિન તે જ આત્મા છે, એ સિદ્ધાન્તનો સાર છે | ૨૧ | ૧૨ |
| હું જ પરમાત્મા છું | ૨૨ | ૧૨ |
| આત્મા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે | ૨૩ | ૧૩ |
| નિશ્ચયથી આત્મા લોકપ્રમાણ છે અને વ્યવહારથી સ્વશરીર પ્રમાણ છે | ૨૪ | ૧૩ |

| વિષય | ગાથા નં. | પૃષ્ઠ નં. |
| --- | --- | --- |
| અનાદિકાલથી જીવ સમ્યક્ત્વ પામ્યો નથી | ૨૫ | ૧૪ |
| મોક્ષ પામવા માટે શું કરવું? | ૨૬ | ૧૪ |
| નિર્મલ આત્માની ભાવના કરવાથી જ મોક્ષ થશે | ૨૭ | ૧૫ |
| જિન તે જ આત્મા છે | ૨૮ | ૧૫ |
| આત્મજ્ઞાન વિના વ્રતાદિ મોક્ષનાં કારણ થતાં નથી | ૨૯ | ૧૬ |
| આત્માને જાણવો તે મોક્ષનું કારણ છે | ૩૦ | ૧૬ |
| આત્મજ્ઞાન વિના એકલું વ્યવહાર ચારિત્ર વૃથા છે | ૩૧ | ૧૭ |
| પુણ્ય, પાપ બન્ને સંસાર છે, આત્મજ્ઞાન જ મોક્ષનું કારણ છે. | ૩૨ | ૧૭ |
| પરમાર્થનો પંથ એક જ છે | ૩૩ | ૧૮ |
| પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે | ૩૪ | ૧૮ |
| વ્યવહારથી નવતત્ત્વને જાણો | ૩૫ | ૧૯ |
| સર્વ પદાર્થોમાં એક જીવ જ સારભૂત છે | ૩૬ | ૧૯ |
| વ્યવહારનો મોહ ત્યાગવો જરૂરી છે. શુદ્ધ આત્માને જાણવાથી જ સંસારનો પાર પમાય છે | ૩૭ | ૨૦ |
| ભેદ જ્ઞાન સર્વસ્વ છે | ૩૮ | ૨૦ |
| આત્મા કેવલજ્ઞાનસ્વભાવી છે | ૩૯ | ૨૧ |
| જ્ઞાનીને દરેક જગ્યાએ એક આત્મા જ દેખાય છે | ૪૦ | ૨૧ |
| અનાત્મજ્ઞાની કુતીર્થોમાં ભમે છે | ૪૧ | ૨૨ |
| દેહ દેવાલયમાં જિનદેવ છે | ૪૨ | ૨૨ |
| દેવાલયમાં દેવ નથી | ૪૩ | ૨૩ |
| સમભાવરૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનદેવને દેખ | ૪૪ | ૨૪ |
| જ્ઞાનથી જ દેહ-દેવાલયમાં પરમાત્માને દેખે છે | ૪૫ | ૨૪ |
| ધર્મરસાયન પીવાથી અજર અમર થવાય છે | ૪૬ | ૨૫ |
| બાહ્ય ક્રિયાથી ધર્મ થતો નથી | ૪૭ | ૨૫ |
| રાગ-દ્વેષનો ત્યાગ કરીને આત્મામાં વસવું તે ધર્મ છે | ૪૮ | ૨૬ |
| આશા-તૃષ્ણા વગેરે સંસારનાં કારણો છે | ૪૯ | ૨૬ |
| આત્મામાં રમણ કરનાર નિર્વાણને પામે છે | ૫૦ | ૨૭ |
| આત્મભાવનાથી સંસારનો પાર પમાય | ૫૧ | ૨૭ |

| વિષય | ગાથા નં. | પૃષ્ઠ નં. |
|---|---|---|
| વ્યવહારમાં ડૂબેલા જીવો આત્માને ઓળખી શકતા નથી | ૫૨ | ૨૮ |
| શાસ્ત્રપઠન આત્મજ્ઞાન વિના નિષ્ફળ છે | ૫૩ | ૨૮ |
| ઈન્દ્રિય અને મનના નિરોધથી સહજ સ્વરૂપ ઉત્પન્ન થાય છે | ૫૪ | ૨૯ |
| ભેદ જ્ઞાનથી ભવપારતા | ૫૫ | ૨૯ |
| કોણ સંસારથી છુટકારો પામતા નથી? | ૫૬ | ૩૦ |
| મોક્ષ સંબંધી નવ દ્રષ્ટાંતો | ૫૭ | ૩૦ |
| દેહાદિરૂપ હું નથી એ જ્ઞાન મોક્ષનું બીજ છે | ૫૮ | ૩૧ |
| આકાશની જેમ આત્મા શુદ્ધ છે | ૫૯ | ૩૧ |
| પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે | ૬૦ | ૩૨ |
| નિર્મોહી થઈને શરીરને પોતાનું ન માનો | ૬૧ | ૩૩ |
| આત્માનુભવનું ફળ કેવલજ્ઞાન અને અવિનાશી સુખની પ્રાપ્તિ છે | ૬૨ | ૩૩ |
| આત્મજ્ઞાન સંસારથી છૂટવાનું કારણ છે | ૬૩ | ૩૪ |
| ધન્ય તે ભગવન્તોને | ૬૪ | ૩૪ |
| આત્મરમણતા શિવસુખનો ઉપાય છે | ૬૫ | ૩૫ |
| કોઈ વિરલા જ તત્ત્વજ્ઞાની હોય છે | ૬૬ | ૩૫ |
| કુટુંબમોહ ત્યાગવા યોગ્ય છે | ૬૭ | ૩૬ |
| અશરણભાવના (સંસારમાં કોઈ પોતાને શરણ થતું નથી) | ૬૮ | ૩૬ |
| એકત્વભાવના (જીવ એકલો જ સુખ-દુઃખ ભોગવે છે) | ૬૯ | ૩૭ |
| એકત્વ ભાવના જાણવાનું પ્રયોજન | ૭૦ | ૩૭ |
| પુણ્યને પાપ કહેનારા કોઈ વિરલા જ છે | ૭૧ | ૩૮ |
| પુણ્ય અને પાપ બન્ને હેય છે | ૭૨ | ૩૮ |
| ભાવનિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છે | ૭૩ | ૩૯ |
| દેહમાં દેવ છે | ૭૪ | ૪૦ |
| 'હું જ પરમેશ્વર છું' એવી ભાવના જ મોક્ષનું કારણ છે | ૭૫ | ૪૦ |
| લક્ષણથી પરમાત્માને જાણો | ૭૬ | ૪૧ |
| રત્નત્રય નિર્વાણનું કારણ છે | ૭૭ | ૪૧ |
| રત્નત્રય શાશ્વત સુખનું કારણ છે | ૭૮ | ૪૨ |
| ચાર ગુણ સહિત આત્માને ધ્યાવ | ૭૯ | ૪૨ |

| વિષય | ગાથા નં. | પૃષ્ઠ નં. |
|---|---|---|
| દશ ગુણ સહિત આત્માને ધ્યાવે | ૮૦ | ૪૩ |
| આત્મા તપ ત્યાગાદિ છે | ૮૧ | ૪૩ |
| સ્વ-પરને જાણવાનું પ્રયોજન | ૮૨ | ૪૪ |
| રત્નત્રયયુક્ત જીવ ઉત્તમ તીર્થ છે | ૮૩ | ૪૪ |
| રત્નત્રયનું સ્વરૂપ | ૮૪ | ૪૫ |
| જ્યાં ચેતન ત્યાં ગુણ | ૮૫ | ૪૫ |
| એક આત્માને જાણો | ૮૬ | ૪૬ |
| સહજ સ્વરૂપમાં રમણ કર | ૮૭ | ૪૬ |
| સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય છે | ૮૮ | ૪૭ |
| જે સ્વરૂપમાં રમે તે જ શીઘ્ર ભવપાર પામે | ૮૯ | ૪૭ |
| સમ્યગ્દષ્ટિ જ ખરો પંડિત છે | ૯૦ | ૪૮ |
| આત્મસ્થિરતા તે સંવર નિર્જરાનું કારણ છે | ૯૧ | ૪૮ |
| આત્મસ્વભાવમાં રત જીવ કર્મથી બંધાતો નથી | ૯૨ | ૪૯ |
| વારંવાર આત્મામાં રમનારો શીઘ્ર નિર્વાણને પામે છે | ૯૩ | ૪૯ |
| આત્માને અનંતગુણમય ધ્યાવો | ૯૪ | ૫૦ |
| ભેદવિજ્ઞાની સર્વશાસ્ત્રોનો જ્ઞાતા છે | ૯૫ | ૫૦ |
| આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રજ્ઞાન વ્યર્થ છે | ૯૬ | ૫૧ |
| પરમસમાધિ શિવસુખનું કારણ છે | ૯૭ | ૫૧ |
| આત્મધ્યાન પરમાત્માનું કારણ છે | ૯૮ | ૫૨ |
| સમતાભાવે સર્વ જીવને જ્ઞાનમય જાણવા તે સામાયિક છે | ૯૯ | ૫૨ |
| રાગ-દ્વેષનો ત્યાગ કરવો તે સામાયિક છે | ૧૦૦ | ૫૩ |
| છેદોપસ્થાપના ચારિત્ર | ૧૦૧ | ૫૩ |
| પરિહારવિશુદ્ધિચારિત્ર | ૧૦૨ | ૫૪ |
| યથાખ્યાતચારિત્ર | ૧૦૩ | ૫૪ |
| આત્મા જ પંચપરમેષ્ઠી છે | ૧૦૪ | ૫૫ |
| આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે | ૧૦૫ | ૫૫ |
| દેહમાં રહેલા આત્મા અને પરમાત્મામાં કાંઈ પણ તફાવત નથી | ૧૦૬ | ૫૬ |
| આત્મદર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે | ૧૦૭-૧૦૮ | ૫૬-૫૭ |

*

ॐ

श्रीमद्-योगीन्दुदेव-विरचितः

# योगसारः

## ગુજરાતી ભાષાનુવાદ સહિત

### મંગલાચરણ

### (શ્રી સિદ્ધોને નમસ્કાર)

णिम्मल-झाण-परिट्ठिया कम्म-कलंक डहेवि ।
अप्पा लद्धउ जेण परु ते परमप्प णवेवि ॥१॥

निर्मलध्यानप्रतिष्ठिताः कर्मकलंकं दग्ध्वा ।
आत्मा लब्धः येन परः तान् परमात्मनः नत्वा ॥१॥

(દોહરા)

નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;
થયા સિદ્ધ પરમાતમા, વંદુ તે જિનરાય. ૧

**અન્વયાર્થ** :—[निर्मलध्यानप्रतिष्ठिताः] નિર્મલધ્યાનમાં સ્થિત થયા થકા [येन] જેણે [कर्मकलंकं दग्ध्वा] કર્મરૂપી મલને બાળીને [परः आत्मा] પરમાત્માને [लब्धः] પ્રાપ્ત કર્યો છે, [तान् परमात्मन्ः नत्वा] તે પરમાત્માને નમસ્કાર કરીને. ૧.

શ્રી અરહંત ભગવાનને નમસ્કાર :—

घाइ-चउक्कहं किउ विलउ णंत चउक्कु पदिट्ठु ।
तह जिणइंदहं पय णविवि अकखमि कव्वु सु–इट्ठु ।।२।।

[येन] घातिचतुष्कस्य कृतः विलयः अनंत चतुष्कंप्रदर्शितम् ।
तस्य जिनेन्द्रस्य पादौ नत्वा आख्यामि क्वीष्टम् ।।२।।

ચાર ઘાતિયા ક્ષય કરી, લહ્યાં અનંતચતુષ્ટ;
તે જિનેશ્વર ચરણે નમી, કહું કાવ્ય સુઈષ્ટ. ૨

**અન્વયાર્થ** :—[येन] જેણે [घातिचतुष्कस्य विलयः] ચારઘાતિકર્મનો નાશ [कृतः] કર્યો છે અને [अनंतचतुष्कं प्रदर्शितं] અનંતચતુષ્ટયને પ્રગટ કર્યું છે, [तस्य जिनेन्द्रस्य पादौ] તે જિનેન્દ્ર ભગવાનનાં ચરણને [नत्वा] નમસ્કાર કરીને હું [सुदिष्टं काव्यं] ઈષ્ટ કાવ્યને [आख्यामि] કહું છું. ૨.

આ ગ્રંથ રચવાનું નિમિત્ત અને પ્રયોજન :—

संसारहं भयभीयहं मोक्खीलालसयाहं ।
अप्पा-संबोहण-कयइ कय दोहा एक्कभणाहं ।।३।।

संसारस्य भयभीतानां मोक्षस्य लालसकानाम् ।
आत्मसंबोधनकृते कृताः दोहाः एकमनसाम् ।।३।।

ઈચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત;
તે ભવી જીવ સંબોધવા, દોહા રચ્યા એક ચિત્ત. ૩

**અન્વયાર્થ** :—[संसारस्य भयभीतानां] સંસારથી ભયભીત છે અને [मोक्षस्य लालसकानां] મોક્ષને ઈચ્છુક છે, [आत्मसंबोधनकृते] તેમના

---

૧. **सुदिष्टम्** ને બદલે **सुइष्टम्** હોવું જોઈએ.

આત્માને સંબોધવા માટે મેં [एकमनसां] એકાગ્રચિત્તથી [दोहाः] આ દોહા [कृताः] રચ્યા છે. ૩.

આવા ભયંકર સંસારમાં જીવને રખડવાનું કારણ :—

कालु अणाइ अणाइ जीउ भव-सायरु जि अणंतु।
मिच्छा-दंसण-मोहियउ णवि सुहदुक्ख जि पत्तु ॥४॥

कालः अनादिः अनादिः जीवः भवसागरः एव अनन्तः।
मिथ्यादर्शनमोहितः नापि सुखं दुःखमेव प्राप्तवान् ॥४॥

જીવ, કાળ, સંસાર આ, કહ્યા અનાદિ અનંત;
મિથ્યામતિ મોહે દુઃખી, કદી ન સુખ લહંત. ૪

**અન્વયાર્થ** :—[कालः अनादिः] કાલ અનાદિ છે, [जीवः अनादिः] જીવ અનાદિ છે અને [भवसागरः एव अनन्तः] ભવસાગર અનંત છે તેમાં [मिथ्यादर्शन मोहितः] મિથ્યાદર્શનથી મોહિત જીવ [न अपि सुखं] સુખ તો પામ્યો જ નથી, [दुःखं एव प्राप्तवान्] એકલું દુઃખ જ પામ્યો છે. ૪

ત્યારે જીવ ચાર ગતિમાં ભમતો કેમ અટકે?

जइ बीहउ चउ-गइ-गमणा तो पर-भाव चएहि।
अप्पा झायहि णिम्मलउ जिम सिव-सुक्ख लहेहि ॥५॥

यदि भीतः चतुर्गतिगमनात् ततः परभावं त्यज।
आत्मानं ध्याय निर्मलं यथा शिवसुखं लभसे ॥५॥

ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ ચિંતન કરી, લે શિવસુખનો લાભ. ૫

**અન્વયાર્થ** :—હે જીવ! [यदि] જો તું [चतुर्गतिगमनात्] ચાર

ગતિના ભ્રમણથી [भीतः] ડરતો હો [ततः] તો [परभावं त्यज] પરભાવનો ત્યાગ કર અને [निर्मलं आत्मानं] નિર્મલ આત્માનું [ध्याय] ધ્યાન કર, [यथा] કે જેથી [शिवसुखं] તું મોક્ષસુખને [लभसे] પામ. ૫

હવે એ ચિંતન કેમ કરવું તે કહે છે :—

**ति-पयारो अप्पा मुणहि परु अंतरु बहिरप्पु ।**
**पर सायहि अंतर-सहिउ बाहिरु चयहि णिमंतु ।।६।।**

त्रिप्रकारः आत्मा(इति)मन्यस्व परः आन्तर बहिरात्मा ।
परं ध्याय आन्तरसहितः बाह्यं त्यज निर्भ्रान्तम् ।।६।।

ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમ રૂપ;
થઈ તું અંતર આતમા, ધ્યા પરમાત્મ સ્વરૂપ. ૬

**અન્વયાર્થ** :—[परः अन्तरः बहिरात्मा त्रिप्रकारः आत्मा मन्यस्व] પરમાત્મા, અન્તરાત્મા, બહિરાત્મા એ રીતે આત્મા ત્રણ પ્રકારે છે એમ જાણો. [निर्भ्रान्तं] નિઃશંકપણે [बाह्यं त्यज] બહિરાત્માને છોડ અને [आन्तर सहितः] અન્તરાત્મા થઈને [परं ध्याय] પરમાત્માનું ધ્યાન કર. ૬.

હવે બહિરાત્માનું સ્વરૂપ કહે છે :—

**मिच्छा-दसण-मोहियउ परु अप्पा ण मुणेइ ।**
**सो बहिरप्पा जिण-भणिउ पुण संसार भमेइ ।।७।।**

मिथ्यादर्शनमोहितः परं आत्मानं न मनुते ।
स बहिरात्म जिनभणितः पुनः संसारे भ्रमति ।।७।।

મિથ્યામતિથી મોહી જન, જાણે નહિ પરમાત્મા;
તે બહિરાતમ જિન કહે, તે ભમતો સંસાર. ૭

**અન્વયાર્થ** :—[मिथ्यादर्शनमोहितः] મિથ્યા દર્શનથી મોહિત જે

જીવ [परं आत्मानं] પરમાત્માને [न मनुते] જાણતો નથી [सः] તે [बहिरात्मा जिनभणितः] બહિરાત્મા છે એમ જિનભગવાને કહ્યું છે, તે બહિરાત્મા [पुनः] ફરી ફરી [संसारे] સંસારમાં [भ्रमति] પરિભ્રમણ કરે છે. ૭.

હવે અંતરાત્માનું સ્વરૂપ વર્ણવે છે :—

जो परियाणइ अप्पु परु जो परभाव चएइ ।
सो पंडिउ अप्पा मुणहु सो संसारु मुएइ ॥८॥

यः परिजानाति आत्मानं परं यः परभावं त्यजति ।
सः पंडितः आत्मा इति मन्यस्व स संसारं मुञ्चति ॥८॥

પરમાત્માને જાણીને, ત્યાગ કરે પરભાવ;
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર. ૮

**અન્વયાર્થ** :—[यः] જે [परं आत्मानं] પરમાત્માને [परिजानाति] જાણે છે, [यः] જે [परभावं] પરભવનો [त्यजति] ત્યાગ કરે છે [सः पंडितः आत्मा] તે પંડિત (અન્તર) આત્મા છે. [मन्यस्व] એમ તું જાણ, [सः] તે અન્તરાત્મા [संसारं] સંસારને [मुञ्चति] છોડે છે. ૮.

પરમાત્માનું સ્વરૂપ :—

णिम्मलु णिक्कलु सुद्धु जिणु विण्हु बुद्धु सिव संतु ।
सो परमप्पा जिण-भणिउ एहउ जाणि णिभंतु ॥९॥

निर्मलः निष्कलः शुद्धः जिनः विष्णुः बुद्धः शिवः शांतः ।
स परमात्मा जिनभणितः एतत् जानीहि निर्भ्रान्तम् ॥९॥

નિર્મળ, નિષ્કલ, જિનેન્દ્ર, શિવ, સિદ્ધ, વિષ્ણુ, બુદ્ધ, શાંત;
તે પરમાત્મા જિન કહે, જાણે થઈ નિર્ભ્રાન્ત. ૯

**અન્વયાર્થ** :—જે [निर्मलः] નિર્મલ, [निष्कलः] નિષ્કલ, [शुद्धः] શુદ્ધ, [जिनः] જિન, [विष्णुः] વિષ્ણુ, [बुद्धः] બુદ્ધ, [शिवः] શિવ અને [शांतः] શાંત છે, [सः] તે [परमात्मा जिनभणितः] પરમાત્મા છે એમ જિનભગવાને કહ્યું છે, [एतत् निर्भ्रांतं जानीहि] એ વાતને તમે નિઃશંક જાણો. ૯.

બહિરાત્મા પરને પોતારૂપ માને છે :—

देहादिउ जे परि कहिया ते अप्पाणु मुणेइ ।
सो बहिरप्पा जिणभणिउ पुणु संसारु भमेइ ॥१०॥

देहादयः ये परे कथिताः तान् आत्मानं मन्यते ।
स बहिरात्मा जिनभणितः पुनः संसारं भ्रमति ॥१०॥

દેહાદિક જે પર કહ્યાં, તે માને નિજરૂપ;
તે બહિરાતમ જિન કહે, ભમતો બહુ ભવકૂપ. ૧૦

**અન્વયાર્થ** :—[ये देहादयः] જે દેહાદિ [परे] પર [कथिताः] કહેવામાં આવ્યા છે [तान्] તેમને જે [आत्मानं] પોતારૂપ [मन्यते] માને છે. [सः] તે [बहिरात्मा जिनभणितः] બહિરાત્મા છે એમ જિનભગવાને કહ્યું છે, તે [पुनः] વારંવાર [संसारं] સંસારમાં [भ्रमति] ભમે છે. ૧૦.

ગુરુ-ઉપદેશ

देहादिउ जे परि कहिया ते अप्पाणुं ण होहिं ।
इउ जाणेविणु जीव तुहुं अप्पा अप्प मुणेहि ॥११॥

देहादयः ये परे कथिताः ते आत्मा न भवन्ति ।
इति ज्ञात्वा जीव ! त्वं आत्मा आत्मानं मन्यस्व ॥११॥

દેહાદિક જે પર કહ્યાં, તે નિજરૂપ ન થાય;
એમ જાણીને જીવ તું, નિજરૂપને નિજ જાણ. ૧૧

**અન્વયાર્થ** :—[देहादयः] દેહાદિ [ये परे कथिताः] કે જે 'પર' કહેવામાં આવે છે [ते] તે [आत्मा न भवन्ति] નિજરૂપ નથી—[इति ज्ञात्वा] એમ જાણીને [जीव] હે જીવ! [त्वं] તું [आत्मानं] પોતાને [आत्मा] નિજરૂપ [मन्यस्व] જાણ. ૧૧.

આત્મજ્ઞાની જ નિર્વાણ પામે છે :—

**अप्पा अप्पउ जइ मुणहि तो णिव्वाणु लहेहि ।**
**पर अप्पा जइ मुणहि तुहुं तो संसार भमेहि ॥१२॥**

आत्मा आत्मानं यदि मन्यसे ततः निर्वाणं लभसे ।
परं आत्मानं यदि मन्यसे त्वं ततः संसारं भ्रमसि ॥१२॥

નિજને જાણે નિજરૂપ, તો પોતે શિવ થાય;
પરરૂપ માને આત્માને, તો ભવભ્રમણ ન જાય. ૧૨

**અન્વયાર્થ** :—[यदि] જો તું [आत्मानं] પોતાને [आत्मा] પોતારૂપ [मन्यसे] જાણીશ, [ततः] તો તું [निर्वाणं] નિર્વાણને [लभसे] પામીશ તથા [यदि] જો [त्वं] તું [आत्मानं] પોતાને [परं] પરરૂપ [मन्यसे] માનીશ, [ततः] તો [संसारं] સંસારમાં [भ्रमसि] ભમીશ. ૧૨.

ઈચ્છા વગરનું તપ જ નિર્વાણનું કારણ છે :—

**इच्छा-रहियाउ तव करहि अप्पा अप्पु मुणेहि ।**
**तो लहु पावहि परम-गई फुडु संसारु ण एहि ॥१३॥**

इच्छारहितः तपः करोषि आत्मा आत्मानं मन्यसे ।
ततः लघु प्राप्नोषि परमगतिं स्फुटं संसारं न आयासि ॥१३॥

વિણ ઈચ્છા શુચિ તપ કરે, જાણે નિજરૂપ આપ;
સત્વર પામે પરમપદ, તપે ન ફરી ભવતાપ. ૧૩

**અન્વયાર્થ** :—જો તું [इच्छारहितः] ઈચ્છા રહિત થઈને [तपः] તપ [करोषि] કરીશ, [आत्मानं आत्मा मन्यसे] પોતાને પોતારૂપ જાણીશ, [ततः] તો તું [लघु] શીઘ્ર જ [परमगतिं] પરમ ગતિને [प्राप्नोषि] પામીશ અને તું [स्फुटं] નિશ્ચયથી ફરી [संसारं] સંસારમાં [न आयासि] આવીશ નહિ. ૧૩.

બંધ અને મોક્ષનું કારણ :—

परिणामें बंधु जि कहिउ मोक्ख वि तह जि वियाणि ।
इउ जाणेविणु जीव तुहुं तहभाव हु परियाणि ॥१४॥

परिणामेन बंधः एव कथितः मोक्षः अपि तथा विजानीहि ।
इति ज्ञात्वा जीव! त्वं भावान् खलु परिजानीहि ॥१४॥

બંધ મોક્ષ પરિણામથી, કર જિનવચન પ્રમાણ;
નિયમ ખરો એ જાણીને, યથાર્થ ભાવે જાણ. ૧૪

**અન્વયાર્થ** :—[परिणामेन एव] પરિણામથી જ [बंधः] બંધ [कथितः] કહ્યો છે [तथा एव] તેવી જ રીતે [मोक्षः अपि] મોક્ષ પણ [विजानीहि] જાણ. (મોક્ષ પણ પરિણામથી જ થાય છે) [इति ज्ञात्वा] એમ જાણીને [जीव] હે જીવ! [त्वं] તું [तान् भावन्] તે ભાવોને [खलु] બરાબર [परिजानीहि] જાણ. ૧૪.

પુણ્યથી પણ મુક્તિ નથી :—

अह पुणु अप्पा णवि मुणहि पुण्णु जि करहि असेस ।
तो वि ण पावहि सिद्ध-सुहु पुणु संसारु भमेस ॥१५॥

अथ पुनरात्मानं नैव मन्यसे पुण्यं एव करोषि अशेषम् ।
ततः अपि न प्राप्नोषि सिद्धिसुखं पुनः संसारं भ्रमसि ॥१५॥

નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ પુણ્ય;
ભમે તો ય સંસારમાં, શિવસુખ કદી ન થાય. ૧૫.

**અન્વયાર્થ** :—[अथ पुनः] વળી જો તું [आत्मानं एव] પોતાને તો [न एव मन्यसे] જાણતો નથી અને [अशेषं पुण्यं एव करोषि] સર્વથા એકલું પુણ્ય જ કરતો રહીશ, [ततः अपि] તોપણ તું [पुनः] વારંવાર [संसारं भ्रमसि] સંસારમાં જ ભ્રમણ કરીશ પણ [सिद्धसुखं] શિવસુખને [न प्राप्नोषि] પામી શકીશ નહિ. ૧૫.

એક આત્મદર્શન જ મોક્ષનું કારણ છે :—

अप्पा-दंसणु एक्कु परु अण्णु ण किं पि वियाणि ।
मोक्खहं कारण जोइया णिच्छइँ एहउ जाणि ॥१६॥

आत्मदर्शनं एकं परं अन्यत् न किमपि विजानीहि ।
मोक्षस्य कारणं योगिन् ! निश्चयेन् एतत् जानीहि ॥१६॥

નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;
હે યોગી! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ. ૧૬

**અન્વયાર્થ** :—[योगिन्] હે યોગી! [एकं परं आत्मादर्शनं] એક પરમ આત્મદર્શન જ [मोक्षस्य कारणं] મોક્ષનું કારણ છે [अन्यत् न किं अपि विजानीहि] અન્ય કાંઈ પણ મોક્ષનું કારણ નથી, [एतत् निश्चयेन जानीहि] આમ ખરેખર તું જાણ. ૧૬.

શુદ્ધ આત્માને જાણવો તે જ ખરેખર મોક્ષ પામવાનો ઉપાય છે :—

मग्गण-गुण-ठाणइ कहिया विवहारेण वि दिट्ठि ।
णिच्छय–णइँ अप्पा मुणहि जिम पावहु परमेट्ठि ॥१७॥

मार्गणागुणस्थानानि कथितानि व्यवहारेण अपि दृष्टिः ।
निश्चयनयेन आत्मानं मन्यस्व यथा प्राप्नोषि परमेष्ठीनम् ॥१७॥

ગુણસ્થાનક ને માર્ગણા, કહે દૃષ્ટિ વ્યવહાર;
નિશ્ચય આત્મજ્ઞાન તે, પરમેષ્ઠી પદકાર. ૧૭

**અન્વયાર્થ** :—[व्यवहारेण अपि दृष्टिः] વ્યવહારનયની દૃષ્ટિથી જ [मार्गणागुणस्थानानि] માર્ગણાસ્થાનો અને ગુણસ્થાનો [कथितानि] કહેવામાં આવ્યા છે. [निश्चयनयेन] નિશ્ચયનયથી તો [आत्मानं] કેવળ એક આત્મા જ [मन्यस्व] જાણ, [यथा] કે જેને જાણવાથી તું [परमेष्ठिनं] પરમેષ્ઠીપદને [प्राप्नोषि] પામીશ. ૧૭.

હેય-ઉપાદેયને જાણનાર ગૃહસ્થ પણ નિર્વાણપદને પામે છે :—

गिहि-वावार-परिट्ठिया हेयाहेउ मुणंति ।
अणुदिणु सायहिं दोउ जिणु लहु णिव्वाणु लहंति ॥१८॥

गृहिव्यापारप्रतिष्ठिताः हेयाहेयं मन्यते ।
अनुदिनं ध्यायन्ति देवं जिनं लघु निर्वाणं लभन्ते ॥१८॥

ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;
ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર લહે નિર્વાણ. ૧૮

**અન્વયાર્થ** :—[गृहि व्यापार प्रतिष्ठिताः] જેઓ ગૃહસ્થના કાર્યોમાં પ્રવર્તવા છતાં પણ [हेयाहेयं] હેય-ઉપાદેયને [मन्यन्ते] જાણે છે અને [अनुदिनं] રાત-દિવસ (નિરંતર) [जिनदेवं] જિનદેવને

[ध्यायन्ति] ધ્યાવે છે, તેઓ [लघु] શીઘ્ર [निर्वाणं] નિર્વાણને [लभन्ते] પામે છે. ૧૮.

જિનેન્દ્રનું સ્મરણ પરમપદનું કારણ છે :—

जिणु सुमिरहु जिणु चिंतवहु जिणु झायहु सुमणेण ।
सो झायंतहं परम-पउ लब्भइ एक्क-खणेण ॥१६॥

जिनं स्मरत जिनं चिन्तयत जिनं ध्यायत सुमनसा ।
तं ध्यायतां परमपदं लभ्यते एकक्षणेन ॥१६॥

જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;
તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ. ૧૯

**અન્વયાર્થ** :—[सुमनसा] શુદ્ધ મનથી [जिनं स्मरत] જિનનું સ્મરણ કરો, [जिनं चिन्तयत] જિનનું ચિંતન કરો અને [जिनं ध्यायत] જિનનું ધ્યાન કરો; [तं ध्यायतां] તેનું ધ્યાન કરતાં, [एकक्षणेन] એક ક્ષણમાં [परमपदं लभ्यते] પરમપદ પ્રાપ્ત થાય છે. ૧૯.

પોતાનો શુદ્ધ આત્મા અને જિનવરમાં કાંઈ પણ ભેદ નથી :—

सुद्धप्पा अरु जिणवरहं भेउ म किं पि वियाणि ।
मोक्खहं कारणे जोइया णिच्छईं एउ विजाणि ॥२०॥

शुद्धात्मनि च जिनवरे भेदं मा किमपि विजानीहि ।
मोक्षस्य कारणे योगिन् निश्चयेन एतद् विजानीहि ॥२०॥

જિનવર ને શુદ્ધાત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ;
મોક્ષાર્થે હે યોગીજન! નિશ્ચયથી એ માન. ૨૦

**અન્વયાર્થ** :—[शुद्धात्मनि च जिनवरे] પોતાનો શુદ્ધ આત્મા અને જિન ભગવાનમાં [किं अपि भेदं] કાંઈ પણ ભેદ [मा विजानीहि]

ન જાણ. [योगिन्] હે યોગી! [मोक्षस्य कारणे] મોક્ષના અર્થે [निश्चयेन] નિશ્ચયથી [एतत्] એ [विजानीहि] જાણ. ૨૦.

જિન તે જ આત્મા છે, એ સિદ્ધાન્તનો સાર છે :—

जो जिणु सो अप्पा मुणहु इहु सिद्धंतहं सारु।
इउ जाणेविणु जोइयहो छंडहु मायाचारु ॥२१॥

यः जिनः स आत्मा मन्यध्वं एष सिद्धान्तस्य सारः।
इति ज्ञात्वा योगिनः त्यजत मायाचारम् ॥२१॥

જિનવર તે આતમ લખો, એ સિદ્ધાન્તિક સાર;
એમ જાણી યોગીજનો, ત્યાગો માયાચાર. ૨૧

**અન્વયાર્થ** :—[यः जिनः सः आत्मा] જે જિન છે તે આત્મા છે—[एषः] એ [सिद्धान्तस्य सारः] સિદ્ધાંતનો સાર છે, એમ તમે [मन्यध्वं] સમજો. [इति ज्ञात्वा] એમ સમજીને [योगिनः] હે યોગીઓ! તમે [मायाचारं] માયાચારને [त्यज] છોડો. ૨૧.

હું જ પરમાત્મા છું :—

जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु।
इउ जाणेविणु जोइया अण्णु म करहु वियप्पु ॥२२॥

यः परमात्मा स एव अहं यः अहं स परमात्मा।
इति ज्ञात्वा योगिन् अन्यत् मा कुरुत विकल्पम् ॥२२॥

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મા;
એમ જાણી હે યોગીજન! કરો ન કાંઈ વિકલ્પ. ૨૨

**અન્વયાર્થ** :—[यः परमात्मा] જે પરમાત્મા છે [स एव] તે જ [अहं] હું છું અને [यः अहं] જે હું છું [सः परमात्मा] તે જ પરમાત્મા

છે. [इति ज्ञात्वा] એમ જાણીને [योगिन्] હે યોગી! [अन्यत् विकल्पं] અન્ય વિકલ્પ [मा कुरुत] ન કરો. ૨૨.

આત્મા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે :—

सुद्ध-पएसहं पूरियउं लोयायास-परमाणु ।
सो अप्पा अणुदिणु मुणहु पावहु लहु णिव्वाणु ।।२३।।

शुद्धप्रदेशानां पूरितः लोकाकाशप्रमाणः ।
स आत्मा (इति) अनुदिनं मन्यध्वं प्राप्नुत लघु निर्वाणम् ।।२३।।

શુદ્ધ પ્રદેશી પૂર્ણ છે, લોકાકાશપ્રમાણ;
તે આતમ જાણો સદા, શીઘ્ર લહો નિર્વાણ. ૨૩

**અન્વયાર્થ** :—જે [लोकाकाशप्रमाणः] લોકાકાશપ્રમાણ [शुद्धप्रदेशानां पूरितः] શુદ્ધ (અસંખ્યાત) પ્રદેશોથી પૂર્ણ છે [सः] તેને [अनुदिनं] સદા [आत्मा मन्यस्वं] આત્મા જાણો અને [लघु] શીઘ્ર જ [निर्वाणं प्राप्नुत] નિર્વાણ પ્રાપ્ત કરો. ૨૩.

નિશ્ચયથી આત્મા લોકપ્રમાણ છે અને વ્યવહારથી સ્વશરીર પ્રમાણ છે :—

णिच्छइँ लोय-पमाणु मुणि ववहारें सुसरीरु ।
एहउ अप्प-सहाउ मुणि लहु पावहि भव-तीरु ।।२४।।

निश्चयेन लोकप्रमाणः (इति) मन्यस्व व्यवहारेण स्वशरीरः ।
एनं आत्मस्वभावं मन्यस्व लघु प्राप्नोषि भवतीरम् ।।२४।।

નિશ્ચય લોકપ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર;
એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર. ૨૪

**અન્વયાર્થ** :—[निश्चयेन] નિશ્ચયનયથી આત્મા [लोकप्रमाणः]

લોકપ્રમાણ (લોકાકાશના માપ જેટલા માપવાળો) અને [व्यवहारेण] વ્યવહારનયથી [स्व शरीरः] સ્વ-શરીરપ્રમાણ (પોતાના શરીરના માપ જેટલા માપવાળો) [मन्यस्व] તું જાણ. [एनं आत्मस्वभावं मन्यस्व] આ આત્મસ્વભાવ તું જાણ અને [लघु] શીઘ્ર જ [भवतीरं प्राप्नोषि] સંસારને પાર પામ. ૨૪.

અનાદિકાલથી જીવ સમ્યક્ત્વ પામ્યો નથી :—

**चउरासी लक्खहिं फिरिउ कालु अणाइ अणंतु ।**
**पर सम्मत्तु ण लद्धु जिय एहउ जाणि णिभंतु ।।२५।।**

चतुरशीतिलक्षेषु भ्रामितः कालं अनादि अनन्तम् ।
परं सम्यक्त्वं न लब्धं जीव एतत् जानीहि निर्भ्रान्तम् ।।२५।।

લક્ષચોરાશીયોનિમાં, ભમિયો કાળ અનંત;
પણ સમકિત તેં નવ લહ્યું એ જાણો નિર્ભ્રાન્ત. ૨૫

**અન્વયાર્થ** :—[अनादिकालं अनन्तं] અનાદિ કાલમાં અનંતકાલ જીવ [चतुरशीतिलक्षेषु] ચોરાશી લાખ યોનિમાં [भ्रामितः] ભટક્યો [परं] પણ [सम्यक्त्वं] સમ્યક્ત્વ [न लब्धं] પામ્યો નહિ. [जीव] હે જીવ! [एतत्] આ [निर्भ्रांतं] નિસ્સંદેહ [जानीहि] જાણ. ૨૫.

મોક્ષ પામવા માટે શું કરવું?

**सुद्धु सचेयणु बुद्धु जिणु केवल–णाण–सहाउ ।**
**सो अप्पा अनुदिणु मुणहु जइ चाहहु सिव-लाहु ।।२६।।**

शुद्धः सचेतनः बुद्धः जिनः केवलज्ञानस्वभावः ।
स आत्मा (इति) अनुदिनं मन्यध्वं यदि इच्छत शिवलाभम् ।।२६।।

શુદ્ધ સચેતન, બુદ્ધ, જિન, કેવલજ્ઞાનસ્વભાવ;
એ આતમ જાણો સદા, જો ચાહો શિવલાભ. ૨૬

**અન્વયાર્થ** :—[यदि] જો [शिवलाभं] મોક્ષ પામવાની [इच्छत] ઈચ્છા કરતા હો તો જે [शुद्धः] શુદ્ધ, [सचेतनः] સચેતન [बुद्धः] બુદ્ધ, [जिनः] જિન, [केवल ज्ञानस्वभावः] કેવળજ્ઞાન સ્વભાવમય છે [सः आत्मा] તે આત્મા છે એમ [अनुदिनं] સદાય [मन्यध्वं] જાણો. ૨૬

નિર્મલ આત્માની ભાવના કરવાથી જ મોક્ષ થશે :—

**जाम ण भावहि जीव तुहुं णिम्मल अप्प सहाउ ।**
**ताम ण लब्भइ सिव-गमणु जहिं भावइ तहि जाउ ॥२७॥**

यावत् न भावयसि जीव त्वं निर्मलं आत्मस्वभावम् ।
तावत् न लभ्यते शिवगमनं यत्र भाव्यते तत्र यात ॥२७॥

જ્યાં લગી શુદ્ધસ્વરૂપનો, અનુભવ કરે ન જીવ;
ત્યાં લગી મોક્ષ ન પામતો, જ્યાં રુચે ત્યાં જાવ. ૨૭

**અન્વયાર્થ** :—[यावत्] જ્યાં સુધી [त्वं] તું [निर्मलं आत्मस्वभावं] નિર્મલ આત્મસ્વભાવની [न भावयसि] ભાવના નહીં કરે [तावत्] ત્યાં સુધી [शिवगमनं न लभ्यते] મોક્ષની પ્રાપ્તિ નહિ થાય, [जीव] હે જીવ! [यत्र भाव्यते तत्र यात] જ્યાં રુચે ત્યાં જાઓ. ૨૭.

જિન તે જ આત્મા છે :—

**जो तइलोयहं झेउ जिणु सो अप्पा णिरु वुत्तु ।**
**णिच्छय-णइँ एमइ एहउ णाणि णिभंतु ॥२८॥**

य त्रिलोकस्य ध्येयः जिनः स आत्मा निश्चयेन उक्तः ।
निश्चयनयेन एवं भणितः एतत् जानीहि निर्भ्रान्तम् ॥२८॥

ધ્યાનયોગ્ય ત્રિલોકના, જિન તે આતમ જાણ;
નિશ્ચયથી એમ જ કહ્યું, તેમાં ભ્રાન્તિ ન આણ. ૨૮

**અન્વયાર્થ** :—[त्रिलोकस्य ध्येयः] ત્રણ લોકના ધ્યેય [यः

जिनः] જે જિન ભગવાન છે [सः] તે [निश्चयेन] નિશ્ચયથી [आत्मा उक्तः] આત્મા છે, [एवं] એ પ્રમાણે [निश्चयनयेन भणितः] શ્રી જિનેશ્વરદેવે નિશ્ચયનયથી કહ્યું છે, [एतत् निर्भ्रान्तं जानीहि] એ વાતને તું નિસ્સંશય જાણ. ૨૮.

આત્મજ્ઞાન વિના વ્રતાદિ મોક્ષનાં કારણ થતાં નથી :—

वय-तव-संजम-मुल-गुण मूढहं मोक्ख ण वुत्तु ।
जाव ण जाणइ इक्क पर सुद्धउ भाउ पवित्तु ॥२६॥

व्रततपः संयम मूलगुणाः मूढानां मोक्षः (इति) न उक्तः ।
यावत् न ज्ञायते एकः परः शुद्धः भावः पवित्रः ॥२६॥

જ્યાં લગી એક ન જાણીયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;
મૂઢતણા વ્રત—તપ સહુ, શિવહેતુ ન કહાય. ૨૯

**અન્વયાર્થ** :—[यावत्] જ્યાં સુધી [एकः परः शुद्धः पवित्रः भावः] એક પરમ, શુદ્ધ, પવિત્ર, ભાવ [न ज्ञायते] જાણવામાં આવતો નથી, ત્યાં સુધી [मूढानां] મૂઢ અજ્ઞાની જીવોને [व्रततपः संयममूलगुणाः मोक्षः न उक्तः] વ્રત, તપ, સંયમ અને મૂલગુણોને મોક્ષનાં કારણ કહી શકાતાં નથી.

આત્માને જાણવો તે મોક્ષનું કારણ છે :—

जइ णिम्मल अप्पा मुणइ वय-संजम-संजुत्तु ।
तो लहु पावइ सिद्धि-सुह इउ जिण-णाहहं उत्तु ॥३०॥

यदि निर्मलं आत्मानं मन्यते व्रत-संयम संयुक्तः ।
तर्हि लघु प्राप्नोति सिद्धिसुखं इति जिननाथस्य उक्तम् ॥३०॥

જે શુદ્ધાત્મ અનુભવે, વ્રત—સંયમસંયુક્ત;
જિનવર ભાખે જીવ તે, શીઘ્ર લહે શિવસુખ. ૩૦

**અન્વયાર્થ** :—[यदि] જો જીવ [व्रतसंयम संयुक्तः] વ્રત સંયમથી સંયુક્ત થઈને [निर्मलं आत्मानं] નિર્મલ આત્માને [मन्यते] જાણે છે—અનુભવે છે, [तर्हि] તો તે [लघु] શીઘ્ર જ [सिद्धिसुखं] સિદ્ધિ-સુખને [प्राप्नोति] પામે છે; [इति] એમ [जिननाथस्य उक्तं] જિનનાથનું કથન છે. ૩૦.

આત્મજ્ઞાન વિના એકલું વ્યવહાર ચારિત્ર વૃથા છે :—

**वढ तव संजमु सीलु जिय ए सव्वई अकयत्थु ।**
**जांव ण जाणइ इक्क परु सुद्धउ भाउ पवित्तु ॥३१॥**

व्रतं तपः संयमः शीलं जीव एतानि सर्वाणि अकृतार्थानि ।
यावत् न ज्ञायते एकः परः शुद्धः भावः पवित्रः ॥३१॥

જ્યાં લગી એક ન જાણિયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;
વ્રત—તપ—સંયમ—શીલ સહુ, ફોગટ જાણો સાવ. ૩૧

**અન્વયાર્થ** :—[यावत्] જ્યાં સુધી [एकः परः शुद्धः पवित्रः भावः] એક પરમ, શુદ્ધ, પવિત્ર, શુદ્ધ ભાવ [न ज्ञायते] જાણવામાં આવતો નથી; ત્યાં સુધી [जीव] હે જીવ! [व्रतं तपः संयमः शीलं] વ્રત, તપ, સંયમ અને શીલ [एतानि सर्वाणि] એ સર્વ [अकृतार्थानि] અકૃતાર્થ છે (અસફલ છે, વ્યર્થ છે). ૩૧.

પુણ્ય, પાપ બન્ને સંસાર છે, આત્મજ્ઞાન જ મોક્ષનું કારણ છે.

**पुण्णिं पावइ सग्ग जिउ पावएं णरय-णिवासु ।**
**वे छंडिवि अप्पा मुणइ तो लब्भइ सिववासु ॥३२॥**

पुण्येन प्राप्नोति स्वर्गं जीवः पापेन नरकनिवासम् ।
द्वे त्यक्त्वा आत्मानं मन्यते ततः लभते शिववासम् ॥३२॥

પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરકનિવાસ;
બે તજી જાણે આત્માને, તે પામે શિવવાસ. ૩૨

**અન્વયાર્થ** :—[पुण्येन] પુણ્યથી [जीवः] જીવ [स्वर्गं प्राप्नोति] સ્વર્ગ પામે છે અને [पापेन] પાપથી [नरकनिवासं] નરકવાસ પામે છે [द्वे त्यक्त्वा] પુણ્ય-પાપ એ બન્નેને છોડીને જો [आत्मानं] આત્માને [मन्यते] જાણે, [ततः] તો [शिववासं लभते] શિવવાસ પામે. ૩૨.

પરમાર્થનો પંથ એક જ છે :—

वउ तउ संजमु सील जिया इउ सव्वइं ववहारु ।
मोक्खहं कारणु एक्कु मुणि जो तइ लोयहं सारु ॥३३॥

व्रतं तपः संयमः शीलं जीव! इति सर्वाणि व्यवहारः ।
मोक्षस्य कारणं एकं मन्यस्व यः त्रिलोकस्य सारः ॥३३॥

વ્રત—તપ—સંયમ—શીલ જે તે સઘળાં વ્યવહાર;
શિવ કારણ જીવ એક છે, ત્રિલોકનો જે સાર. ૩૩

**અન્વયાર્થ** :—[जीव] હે જીવ! [व्रतं तपः संयमः शीलं इति सर्वाणि] વ્રત, તપ, સંયમ અને શીલ એ સર્વ [व्यवहारः] વ્યવહાર છે—વ્યવહારથી કહેવામાં આવે છે, [मोक्षस्य कारणं] મોક્ષનું કારણ તો [एकं मन्यस्व] એક જ જાણો. [यः] કે જે [त्रिलोकस्य सारः] ત્રણ લોકનો સાર છે. ૩૩.

પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે :—

अप्पा अप्पई जो मुणइ जो परभाउ चएइ ।
सो पावइ सिवपुरि-गमणु जिणवरु एम भणेइ ॥३४॥

आत्मानं आत्मना यः मन्यते यः परभाव त्यजति।
स प्राप्नोति शिवपुरीगमनं जिनवरः एवं भणति ॥३४॥

આત્મભાવથી આત્મને, જાણે તજી પરભાવ;
જિનવર ભાખે જીવ તે, અવિચળ શિવપુર જાય. ૩૪

**અન્વયાર્થ** :—[यः] જે [आत्मना आत्मानं मन्यते] આત્માથી આત્માને જાણે છે (પોતાથી પોતાને જાણે છે) અને [यः] જે [परभावं] પરભાવને [त्यजति] છોડી દે છે [सः] તે [शिवपुरीगमनं प्राप्नोति] શિવપુરીમાં જાય છે, [एवं] એમ [जिनवरः भणति] જિનવર કહે છે. ૩૪.

વ્યવહારથી નવતત્ત્વને જાણો :—

छह दव्वई जे जिण–कहिया णव पयत्थ जे तत्त।
विवहारेण य उत्तिया ते जाणियहि पयत्त ॥३५॥

षड् द्रव्याणि ये जिनकथिताः नव पदार्थाः यानि तत्त्वानि।
व्यवहारेण च उक्तानि तानि जानिहि प्रयतः (सन्) ॥३५॥

ષડ્ દ્રવ્યો જિન–ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ;
ભાખ્યાં તે વ્યવહારથી, જાણો કરી પ્રયત્ન. ૩૫

**અન્વયાર્થ** :—[जिनकथिताः] જિનવરદેવે કહેલાં [यानि षड् द्रव्याणि नव पदार्थाः तत्त्वानि च] જે છ દ્રવ્યો, નવ પદાર્થો અને સાત તત્ત્વો છે [ये] કે જે [व्यवहारेण उक्तानि] વ્યવહારથી કહેવામાં આવ્યાં છે; [तानि] તેમને તું [प्रयतः] પ્રયત્નશીલ થઈને [जानीहि] જાણ (તેમને તું નિર્ણયપૂર્વક જાણ). ૩૫.

સર્વ પદાર્થોમાં એક જીવ જ સારભૂત છે :—

सव्व अचेयण जाणि जिय एक्क सचेयणु सारु।
जो जाणेविणु परम-मुणि लहु पावइ भवपारु ॥३६॥

सर्वं अचेतनं जानीहि जीव एकः सचेतनः सारः ।
यं ज्ञात्वा परममुनिः लघु प्राप्नोति भवपारम् ।।३६।।

શેષ અચેતન સર્વ છે, જીવ સચેતન સાર;
જાણી જેને મુનિવરો, શીઘ્ર લહે ભવપાર. ૩૬

**અન્વયાર્થ** :—[सर्वं अचेतनं जानीहि] (પુદ્‌ગલાદિ) સર્વને (પાંચ દ્રવ્યોને) અચેતન જાણો. [सारः एकः जीवः सचेतनः] સારભૂત કેવલ એક જીવ જ સચેતન છે. [यं ज्ञात्वा] કે જેને જાણીને [परममुनिः] પરમ મુનિ [लघु] શીઘ્ર જ [भवपारं प्राप्नोति] સંસારનો પાર પામે છે. ૩૬.

વ્યવહારનો મોહ ત્યાગવો જરૂરી છે. શુદ્ધ આત્માને જાણવાથી જ સંસારનો પાર પમાય છે :—

जइ णिम्मलु अप्पा मुणहि छंडिवि सहु व्यवहारु ।
जिण-सामिउ एमइ भणइ लहु पावइ भवपारु ।।३७।।

यदि निर्मलं आत्मानं मन्यसे त्यक्त्वा सर्वं व्यवहारम् ।
जिनस्वामी एवं भणति लघु प्राप्यते भवपारः ।।३७।।

જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર;
જિનપ્રભુજી એમ જ ભણે, શીઘ્ર થશો ભવપાર. ૩૭

**અન્વયાર્થ** :—[यदि] જો [सर्वं व्यवहारं] સર્વ વ્યવહારને [त्यक्त्वा] છોડીને [निर्मलं आत्मानं] નિર્મલ આત્માને [मन्यसे] તું જાણીશ તો તું [लघु] શીઘ્ર જ [भवपारः प्राप्यते] સંસારથી પાર પામીશ, [एवं] એમ [जिनस्वामी भणति] જિનેશ્વર ભગવાન કહે છે. ૩૭.

ભેદ જ્ઞાન સર્વસ્વ છે :—

जीवाजीवहं भेउ जो जाणइ तिं जाणियउ ।
मोक्खहं कारण एउ भणई जोइ जइहिं भणिउं ।।३८।।

जीवा जीवयोः भेदं यः जानाति तेन ज्ञातम् ।
मोक्षस्य कारणं एतत् भण्यते योगिन् योगिभिः भणितम् ॥३८॥

જીવ–અજીવના ભેદનું જ્ઞાન તે જ છે જ્ઞાન;
કહે યોગીજન યોગી હે! મોક્ષહેતુ એ જાણ. ૩૮

**અન્વયાર્થ** :—[योगिन्] હે યોગી! [यः] જે [जीवाजीवयोः भेदं] જીવ-અજીવનો ભેદ [जानाति] જાણે છે [तेन ज्ञातं] તેણે સર્વસ્વ જાણ્યું છે, [एतत्] એને [मोक्षस्य कारणं] મોક્ષનું કારણ [भण्यते] કહ્યું છે એમ [योगिभिः भणितं] યોગીશ્વરોએ કહ્યું છે. ૩૮.

આત્મા કેવલજ્ઞાનસ્વભાવી છે :—

केवल-णाण-सहाउ सो अप्पा मुणि जीव तुहुं ।
जइ चाहहि सिव-लाहु भणइ जोइ जोइहिं भणिउं ॥३९॥

केवलज्ञानस्वभावः स आत्मा (इति) मन्यस्व जीव त्वम् ।
यदि इच्छसि शिवलाभं भण्यते योगिन् योगिभिः भणितम् ॥३९॥

યોગી કહે રે જીવ તું, જો ચાહે શિવલાભ;
કેવલજ્ઞાનસ્વભાવી આ આત્મતત્ત્વને જાણ. ૩૯

**અન્વયાર્થ** :—[योगिन्] હે યોગી! [यदि] જો [त्वं] તું [शिवलाभं इच्छसि] મોક્ષ પામવા ચાહતો હો તો [केवलज्ञानस्वभावः आत्मा सः जीवः भण्यते] કેવલજ્ઞાનસ્વભાવી આત્મા છે તેને જીવ કહ્યો છે [मन्यस्व] એમ તું જાણ, [योगिभिः भणितं] એમ યોગીશ્વરોએ કહ્યું છે. ૩૯.

જ્ઞાનીને દરેક જગ્યાએ એક આત્મા જ દેખાય છે :—

को (?) सुसमाहि करउ को अंचउ छोपु-अछोपु करिवि को वंचउ ।
हल सहि कलहु केण समाणउ
जहिं कहिं जोवउ तहिं अप्पाणउ ॥४०॥

कः (अपि) सुसमाधिं करोतु कः अर्चयतु स्पर्शास्पर्श कृत्वा कः वञ्चयतु।
मैत्रीं सह कलहं केन समानयतु यत्र कुत्र पश्यतु तत्र आत्मा ॥४०॥

કોણ કોની મૈત્રી કરે, કોની સાથે કલેશ;
જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ. ૪૦

**અન્વયાર્થ** :—[कः सुसमाधिं करोतु] ભલે કોઈ સુસમાધિ કરો. [कः स्पर्शास्पर्शं कृत्वा वञ्चयतु] કોઈ સ્પર્શાસ્પર્શ કરીને વંચના (માયા) કરો, [केन सह मैत्रीं कलहं समानयतु] કોઈની સાથે મૈત્રી કે કોઈની સાથે કલહ કરો, [यत्र कुत्र पश्यतु तत्र आत्मा] જ્યાં ક્યાંય જુઓ ત્યાં એક (કેવલ) આત્મા જ આત્મા દેખો. ૪૦.

અનાત્મજ્ઞાની કુતીર્થોમાં ભમે છે :—

ताम कुतित्थइं परिभमइ घुत्तिम ताम करेइ।
गुरुहु पसाए जाम णवि अप्पा-देउ मुणेइ ॥४१॥

तावत् कुतीर्थानि परिभ्रमति धूर्तत्वं तावत् करोति।
गुरोः प्रसादेन यावत् नैव आत्मदेवं मन्यते ॥४१॥

સદ્ગુરુ વચન પ્રસાદથી, જાણે ન આતમદેવ;
ભમે કુતીર્થે ત્યાં સુધી, કરે કપટના ખેલ. ૪૧

**અન્વયાર્થ** :—[गुरोः प्रसादेन] ગુરુ પ્રસાદથી [यावत्] જ્યાં સુધી જીવ [आत्मदेवं] આત્મદેવને [न एव मन्यते] જાણતો નથી, [तावत्] ત્યાં સુધી તે [कुतीर्थानि परिभ्रमति] કુતીર્થોમાં પરિભ્રમણ કરે છે [धूर्तत्वं तावत् करोति] અને ત્યાં સુધી તો ધૂર્તપણું (ઢોંગ) કરે છે. ૪૧.

દેહ દેવાલયમાં જિનદેવ છે :—

तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि-वुत्तु।
देहा-देवलि देउ जिणु एहउ जाणि णिरुत्तु ॥४२॥

तीर्थेषु देवालये देवः नैवः एवं श्रुतकेवल्युक्तम् ।
देहदेवालये देवः जिनः एतत् जानीहि निश्चितम् ॥४२॥

તીર્થ–મંદિરે દેવ–નહિ–એ શ્રુતકેવળીવાણ;
તન મંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ. ૪૨

**અન્વયાર્થ** :—[तीर्थेषु देवालये] તીર્થોમાં અને દેવાલયમાં [देवः न एव] દેવ નથી [एवं] એમ [श्रुतकेवल्युक्त] શ્રુતકેવલીએ કહ્યું છે, [देहदेवालये] દેહ-દેવાલયમાં [देवः जिनः] જિનદેવ છે-[एतत्] એમ [निश्चितं] તમે નક્કી [जानीहि] જાણો. ૪૨.

દેવાલયમાં દેવ નથી :—

**देहा-देवलि देउ जिणु जणु देवलिहिं णिएइ ।**
**हासउ महु पडिहाइ इहु सिद्धे भिक्ख भमेइ ॥४३॥**

देहदेवालये देवः जिनः जनः देवालयेषु (तं) पश्यति ।
हास्यं मम प्रतिभाति इह सिद्धे (सति) भिक्षां भ्रमति ॥४३॥

તન–મંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત;
હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત. ૪૩

**અન્વયાર્થ** :—[देहदेवालये] દેહ-દેવાલયમાં [जिनः देवः] જિનદેવ છે; પણ [जनः] લોકો [देवालयेषु] તેને (ઈંટ પત્થરનાં) દેવાલયોમાં [पश्यति] દેખે છે-તે [मम] મને [हास्यं प्रतिभाति] હાસ્યાસ્પદ લાગે છે, [इह] એ વાત એવી છે કે કોઈ મનુષ્ય [सिद्धे] સિદ્ધિ (ધનાદિકની સિદ્ધિ) હોવા છતાં પણ [भिक्षां भ्रमति] ભિક્ષા માટે ભટકે છે. ૪૩.

સમભાવરૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનદેવને દેખ :—

**मुढा देवलि देउ णवि णवि सिलि लिप्पइ चित्ति ।**
**देहा-देवलि देउ जिणु सो बुज्झहि समचित्ति ॥४४॥**

मूढ देवालये देवः नैव नैव शिलायां लेप्ये चित्रे ।
देहदेवालये देवः जिनः तं बुध्यस्व समचित्ते ॥४४॥

નથી દેવ મંદિર વિષે, દેવ ન મૂર્તિ, ચિત્ર;
તન-મંદિરમાં દેવ જિન, સમજ થઈ સમચિત્ત. ૪૪

**અન્વયાર્થ** :—[मूढ] હે મૂઢ! [देवः] દેવ [देवालये न एव] દેવાલયમાં પણ નથી, [शिलायां लेप्ये चित्रे न एव] એવી રીતે કોઈ પત્થર, લેપ કે ચિત્રમાં પણ નથી. [जिनः देवः] જિનદેવ તો [देहदेवालये] દેહ-દેવાલયમાં છે [तं] તેને તું [समचित्ते] સમચિત્તથી (શાંતભાવે) [बुद्रस्व] જાણ. ૪૪.

જ્ઞાનથી જ દેહ-દેવાલયમાં પરમાત્માને દેખે છે :—

**तित्थइ देउलि देउ जिणु सव्वु वि कोइ भणेइ ।**
**देहा-देउलि जो मुणइ स्ते बुहु को वि हवइ ॥४५॥**

तीर्थे देवकुले देवः जिनः (इति) सर्वः अपि कश्चित् भणति ।
देहदेवकुले यः मन्यते सः बुधः कः अपि भवति ॥४५॥

તીર્થ—મંદિરે જિન, લોક કથે સહુ એમ;
વિરલા જ્ઞાની જાણતા, તન—મંદિરમાં દેવ. ૪૫

**અન્વયાર્થ** :—[तीर्थे देवकुले] તીર્થમાં અને દેવાલયમાં [जिनः देवः] જિન દેવ છે, એમ [सर्वः अपि कश्चित्] સર્વ કોઈ [भणति] કહે છે પણ [यः] જે [देहदेवकुले] દેહ-દેવાલયમાં [मन्यते] જિનદેવને જાણે [सः बुधः] એવા પંડિત તો [कः अपि भवति] કોઈ વિરલા જ હોય છે. ૪૫.

ધર્મરસાયન પીવાથી અજર અમર થવાય છે :—

जइ जर-मरण-करालियउ तो जिय धम्म करेहि ।
धम्म-रसायणु पियहि तुहुं जिम अजरामर होहि ॥४६॥

यदि जरामरणकरालितः तर्हि जीव धर्मं कुरु ।
धर्मरसायनं पिब त्वं यथा अजरामरः भवसि ॥४६॥

જરા–મરણ ભયભીત જો, ધર્મ તું કર ગુણવાન;
અજરામર પદ પામવા, કર ધર્મોષધિ પાન. ૪૬

**અન્વયાર્થ** :—[जीव] હે જીવ! [यदि] જો તું [जरामरण करालितः] જરા, મરણથી દુઃખી છો-(ભયભીત હો) [तर्हि] તો [धर्मं कुरु] ધર્મ કર, [धर्म-रसायनं] ધર્મરૂપી રસાયનનું [त्वं] તું [पिब] પાન કર [यथा] કે જેથી [अजरामरः भवसि] તું અજર અમર થઈ જઈશ. ૪૬.

બાહ્ય ક્રિયાથી ધર્મ થતો નથી :—

धम्मु ण पढियइं होइ धम्मु ण पोत्था-पिच्छियइं ।
धम्मु ण मढिय–पएसि धम्मु ण मत्था–लुंचियइं ॥४७॥

धर्मः न पठितेन भवति धर्मः न पुस्तकपिच्छाभ्याम् ।
धर्मः न मठप्रवेशेन धर्मः न मस्तकलुञ्चितेन ॥४७॥

શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લુંચે કેશ;
રાખે વેશ મુનિતણો, ધર્મ ન થાયે લેશ. ૪૭

**અન્વયાર્થ** :—[पठितेन] શાસ્ત્રો ભણવાથી [धर्मः न] ધર્મ થતો નથી, [पुस्तक पिच्छाभ्यां] પુસ્તક અને પીંછીથી પણ [धर्म न] ધર્મ થતો નથી, [मठप्रवेशेन] મઠમાં રહેવાથી પણ [धर्मः न] ધર્મ થતો નથી અને

[मस्तक लुञ्चितेन] માથાનો લોચ કરવાથી પણ [धर्मः न] ધર્મ થતો નથી. ૪૭.

રાગ-દ્વેષનો ત્યાગ કરીને આત્મામાં વસવું તે ધર્મ છે :—

राय–रोस बे परिहरिवि जो अप्पाणि वसेइ ।
सो धम्मु वि जिण–उत्तियउ जो पंचम-गइ णेइ ॥४८॥

रागद्वेषो द्वौ परिहृत्य यः आत्मनि वसति ।
स धर्मः अपि जिनोक्तः यः पञ्चमगतिं नयति ॥४८॥

રાગ–દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;
જિનવર ભાષિત ધર્મ તે, પંચમ ગતિ લઈ જાય. ૪૮

**અન્વયાર્થ** :—[यः] જે [राग-द्वेषौ द्वौ परिहृत्य] રાગ અને દ્વેષ બન્નેને છોડીને-વીતરાગ થઈને-[आत्मनि] નિજ આત્મામાં [वसति] વસે છે, [सः अपि] તેને જ [धर्मः] ધર્મ [जिनोक्तः] જિનદેવે કહ્યો છે [यः] કે જે [पंचमगतिं नयति] મોક્ષમાં લઈ જાય છે. ૪૮.

આશા-તૃષ્ણા વગેરે સંસારનાં કારણો છે :—

आउ गलइ णवि मणु गलइ णवि आसा हु गलेइ ।
मोहु फुरइ णवि अप्प–हिउ इम संसार भमेइ ॥४९॥

आयुः गलति नैव मनः (मानः?) गलति नैव आशा खलु गलति ।
मोहः स्फुरति नैव आत्महितं एवं संसारं भ्रमति ॥४९॥

મન ન ઘટે, આયુ ઘટે, ઘટે ન ઇચ્છા મોહ;
આત્મહિત સ્ફુરે નહિ, એમ ભમે સંસાર. ૪૯

**અન્વયાર્થ** :—[आयुः गलति] ક્ષણે ક્ષણે આવરદા ઘટતી જાય છે, [मनः न एव गलति] પણ મન મરી જતું નથી, [आशा खलु नैव

गलति] અને આશા પણ જતી નથી; [मोहः] મોહ [स्फुरति] સ્ફુરે છે પણ [आत्महितं] આત્મહિત [न एव] સ્ફુરતું નથી–[एवं] આ રીતે જીવ [संसारं भ्रमति] સંસારમાં ભમે છે. ૪૯.

આત્મામાં રમણ કરનાર નિર્વાણને પામે છે :—

जेहउ मणु विसयहं रमइ तिमु जइ अप्प मुणेइ ।
जोइउ भणइ हो जोइयहु लहु णिव्वाणु लहेइ ॥५०॥

यथा मनः विषयाणां रमते तथा यदि आत्मानं मन्यते ।
योगी भणति भो योगिनः लघु निर्वाणं लभ्यते ॥५०॥

જેમ રમતું મન વિષયમાં તેમ જો આત્મે લીન;
શીઘ્ર મળે નિર્વાણપદ ધરે ન દેહ નવીન. ૫૦

**અન્વયાર્થ** :—[भो योगिनः] હે યોગીજનો! [यथा] જેવી રીતે [मनः] મન [विषयाणां रमते] વિષયોમાં રમે છે [तथा] તેવી રીતે [यदि] જો તે [आत्मानं मन्यते] આત્માને જાણે-આત્મામાં રમે તો [लघु] શીઘ્ર જ [निर्वाणं लभ्यते] નિર્વાણ મળે, એમ [योगी भणति] યોગી કહે છે. ૫૦.

આત્મભાવનાથી સંસારનો પાર પમાય :—

जेहउ जज्जरु णरय–धरु तेहउ बुज्झि सरीरु ।
अप्पा भावहि णिम्मलउ लहु पावहि भवतीरु ॥५१॥

यथा जर्जरं नरकगृहं तथा बुध्यस्व शरीरम् ।
आत्मानं भावय निर्मलं लघु प्राप्नोषि भवतीरम् ॥५१॥

નર્કવાસ સમ જર્જરિત જાણો મલિન શરીર;
કરી શુદ્ધાતમ ભાવના, શીઘ્ર લહો ભવતીર. ૫૧

**અન્વયાર્થ** :—હે જીવ! [यथा] જેવી રીતે [नरकगृहं]

નરકસ્થાન [जर्जरं] દુર્ગંધથી જર્જરિત છે [तथा] તેવી રીતે [शरीरं बुध्यस्व] શરીરને પણ મલમૂત્ર આદિથી જર્જરિત જાણ. તેથી [निर्मलं आत्मानं भावय] નિર્મલ આત્માની ભાવના કર, તો તું [लघु] શીઘ્ર જ [भवतीरं प्राप्नोषि] સંસારથી પાર પામીશ. ૫૧.

વ્યવહારમાં ડૂબેલા જીવો આત્માને ઓળખી શકતા નથી :—

**धंधइ पडियउ सयल जगि णवि अप्पा हु मुणंति।**
**तहिं कारणि ये जीव फुडु ण हु णिव्वाणु लहंति ॥५२॥**

धान्धे (?) पतिताः सकलाः जगति नैव आत्मानं खलु मन्यंते।
तस्मिन् कारणे (तेन कारणेन) एते जीवाः स्फुटं न खलु निर्वाणं लभन्ते ॥५२॥

વ્યવહારિક ધંધે ફસ્યા, કરે ન આતમજ્ઞાન;
તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ. ૫૨.

**અન્વયાર્થ** :—[जगति] જગતના [सकलाः] સર્વ જીવો [धान्धे पतिताः] વ્યાસંગમાં વ્યાસક્ત છે (પોતાના કામમાં મશગૂલ છે, પોતાના વ્યવસાયમાં રચ્યાપચ્યા છે) પોતાના ધંધામાં-વ્યવહારમાં-પડેલા છે-ગૃહસ્થના કાર્યોમાં પ્રવર્તે છે-અને [आत्मानं] પોતાના આત્માને [न एव खलु मन्यंते] જાણતા જ નથી. [तस्मिन् कारणे] તે કારણે [एते जीवाः] આ જીવો [स्फुटं खलु निर्वाणं न लभ्यन्ते] નિશ્ચયથી નિર્વાણને પામતા નથી, એ વાત સ્પષ્ટ છે. ૫૨.

શાસ્ત્રપઠન આત્મજ્ઞાન વિના નિષ્ફલ છે :—

**सत्थ पढंतह ते वि जड अप्पा जे ण मुणंति।**
**तहिं कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति ॥५३॥**

शास्त्रं पठन्तः ते अपि जडाः आत्मानं ये न मन्यंते।
तस्मिन् कारणे (तेन कारणेन) एते जीवाः स्फुटं न खलु निर्वाणं लभन्ते ॥५३॥

શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ;
તે કારણ એ જીવ ખરે, પામે નહિ નિર્વાણ. ૫૩.

**અન્વયાર્થ** :—[शास्त्रं पठन्तः] શાસ્ત્ર ભણવા છતાં પણ [ये] જેઓ [आत्मानं] આત્માને [न मन्यन्ते] જાણતા નથી [ते अपि] તેઓ પણ [जडाः] જડ છે; [तस्मिन् कारणे] તે કારણે [एते जीवाः] આ જીવો [स्फुटं न खलु निर्वाणं लभन्ते] નિશ્ચયથી નિર્વાણને પામતા નથી, એ વાત સ્પષ્ટ છે. ૫૩.

ઈન્દ્રિય અને મનના નિરોધથી સહજ સ્વરૂપ ઉત્પન્ન થાય છે :—

मणु-इंदिहि वि छोडियइ (?) बुहु पुच्छियइ ण कोइ ।
रायहं पसरु णिवारियइ सहज उपज्जइ सोइ ॥५४॥

मनइन्द्रियेभ्यः अपि मुच्यते बुधः पृच्छयते न कः अपि ।
रागस्य प्रसरः निवार्यते सहजः उत्पद्यते स अपि ॥५४॥

મન—ઈન્દ્રિયથી દૂર થા, શી બહુ પૂછે વાત?
રાગપ્રસાર નિવારતાં, સહજ સ્વરૂપ ઉત્પાદ. ૫૪.

**અન્વયાર્થ** :—[मनइन्द्रियेभ्यः अपि मुच्यते] જો, મન અને ઈન્દ્રિયોથી છૂટી જવાય તો [कः बुधः अपि न पृच्छयते] કોઈ પણ પંડિતને પૂછવાની જરૂર રહેતી નથી; [रागस्य प्रसरः निवार्यते] જો રાગનો પ્રસર રોકાઈ જાય તો [सः अपि सहजः उत्पद्यते] તે સહજ સ્વરૂપ (તે સહજ આત્મસ્વરૂપ) ઉત્પન્ન થાય છે. ૫૪.

ભેદ જ્ઞાનથી ભવપારતા :—

पुग्गलु अण्णु जि अण्णु जिउ अण्णु वि सहु ववहारु ।
चयहि वि पुग्गलु गहहि जिउ लहु पावहि भवपारु ।५५।

पुद्गलः अन्यः एव अन्यः जीवः अन्यः अपि सर्वः व्यवहारः ।
त्यज अपि पुद्गलं गृहाण जीवं लघु प्राप्नोषि भवपारम् ॥५५॥

જીવ-પુદ્‌ગલ બે ભિન્ન છે, ભિન્ન સકળ વ્યવહાર;
તજ પુદ્‌ગલ ગ્રહ જીવ તો, શીઘ્ર લહે ભવપાર. ૫૫

**અન્વયાર્થ** :—[पुद्गलः अन्यः एव] પુદ્‌ગલ ભિન્ન છે, [जीवः अन्यः] જીવ અન્ય છે [अपि] અને [सर्वः व्यवहारः अन्यः] સર્વવ્યવહાર અન્ય છે. તેથી [पुद्गलं अपि त्यज] પુદ્‌ગલને તું છોડ અને [जीवं गृहाण] જીવને ગ્રહણ કર, તો તું [लघु] શીઘ્ર જ [भवपारं प्राप्नोषि] ભાવપારને પામીશ. ૫૫.

કોણ સંસારથી છુટકારો પામતા નથી?

जे णवि मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति ।
ते जिण-णाहहं उत्तिया णउ संसार मुचंति ॥५६॥

ये नैव मन्यते जीवं स्फुटं ये नैव जीवं मन्यते ।
ते जिननाथस्य उक्तया न तु (नैव?) संसारात् मुच्यन्ते ॥५६॥

સ્પષ્ટ ન માને જીવને, જે નહિ જાણે જીવ;
છૂટે નહિ સંસારથી, ભાખે છે પ્રભુ જિન. ૫૬

**અન્વયાર્થ** :—[ये] જેઓ [जीवं] જીવને [स्फुटं] નિશ્ચયથી [न एव मन्यते] માનતા જ નથી [ये] જેઓ [जीवं] જીવને [न एव जानन्ति] જાણતા જ નથી [ते तु] તેઓ તો [संसारात् न मुच्यते] સંસારથી છૂટતા જ નથી, [जीननाथ उक्तया] એમ જિનવરે કહ્યું છે. ૫૬.

મોક્ષ સંબંધી નવ દૃષ્ટાંતો.

रयण दीउ दिणयर दहिउ दुध्धु घीवं पाहाणु ।
सुण्णउ रूउ फलिहउ अगिणि णव दिट्ठंता जाणु ॥५७॥

रत्नं दीपः दिनकरः दधि दुग्धं घृतं पाषाणः ।
सुवर्णं रूप्यं स्फटिकं अग्निः नव दृष्टान्तान् जानीहि ॥५७॥

રત્ન દીપ રવિ દૂધ દહીં, ઘી પથ્થર ને હેમ;
સ્ફટિક રજત ને અગ્નિ નવ, જીવ જાણવો તેમ. ૫૭.

**અન્વયાર્થ** :—[रत्नं] રત્ન,[1] [दीपः] દીપ,[2] [दिनकरः] સૂર્ય[3] [दधि दुग्धं घृतं] દહીં દૂધ[4] ઘી, [पाषाणः] પાષાણ[5] [सुवर्णं] સુવર્ણ[6] [रूप्यं] રૂપું,[7] [स्फटिकं] સ્ફટિકમણિ[8] અને [अग्निः] અગ્નિ[9] એ [नव दृष्टान्तान् जानीहि] નવ દૃષ્ટાંત જાણો. એ નવ દૃષ્ટાંતો મોક્ષના વિષયમાં જાણવા. ૫૭ (જુઓ દ્રવ્યસંગ્રહ ગુજરાતી પા. નં. ૧૭૭)

દેહાદિરૂપ હું નથી એ જ્ઞાન મોક્ષનું બીજ છે.

देहादिउ जो परु मुणइ जेहउ सुण्णु अयासु ।
सो लहु पावइ (?) बंभु परु केवलु करइ पयासु ॥५८॥

देहादिकं यः परं मन्यते यथा शून्यं आकाशम् ।
स लघु प्राप्नोति ब्रह्म परं केवलं करोति प्रकाशम् ॥५८॥

દેહાદિકને પર ગણે, જેમ શૂન્ય આકાશ;
તો પામે પરબ્રહ્મ ઝટ, કેવળ કરે પ્રકાશ. ૫૮.

**અન્વયાર્થ** :—[यथा शून्यं आकाशं] શૂન્ય આકાશની જેમ [यः] જે [देहादिकं] દેહાદિને [परं मन्यते] પર જાણે છે [सः] તે [लघु] શીઘ્ર [परं ब्रह्म] પરમ બ્રહ્મને [प्राप्नोति] પામે છે અને તે [केवलं प्रकाशं करोति] કેવલ પ્રકાશને કરે છે—કેવલજ્ઞાન ઉત્પન્ન કરે છે. ૫૮.

આકાશની જેમ આત્મા શુદ્ધ છે :—

जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु ।
आयासु वि जडु जाणि जिय अप्पा चेयणु वंतु ॥५९॥

याद्दक् शुद्धं आकाशं जीव ताद्दशः आत्मा उक्तः ।
आकाशं अपि जडं जानीहि जीव आत्मानं चैतन्यवन्तम् ॥५९॥

જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;
જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યલક્ષણ જીવ. ૫૯.

**અન્વયાર્થ** :—[जीव] હે જીવ! [याद्दक्] જેવી રીતે [आकाशं शुद्धं] આકાશ શુદ્ધ છે [ताद्दशः] તેવી રીતે [आत्मा उक्तः] આત્મા શુદ્ધ છે, [अपि] પણ હે જીવ! [आकाशं जडं जानीहि] આકાશને જડ જાણ અને [आत्मानं चैतन्यवन्तं] આત્માને ચેતનવંત જાણ (ચૈતન્ય લક્ષણથી યુક્ત જાણ). ૫૯.

પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે :—

णासग्गिं अब्भिंतरहं जे जोवहिं असरीरु ।
बाहुडि जम्मि ण संभवहिं पिवहिं ण जणणी-खीरु ॥६०॥

नासाग्रेण अभ्यन्तरे (?) ये पश्यन्ति अशरीरम् ।
लज्जाकरे जन्मनि न संभवन्ति पिबन्ति न जननीक्षीरम् ॥६०॥

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૦

**અન્વયાર્થ** :—[ये] જેઓ [नासाग्रेण] નાસિકા પર દૃષ્ટિ રાખીને [अभ्यन्तरे] અભ્યંતરમાં [अशरीरं पश्यन्ति] અશરીરને (આત્માને) દેખે છે, તેઓ [लज्जाकरे जन्मनि] ફરી આ લજ્જાજનક જન્મમાં [न संभवन्ति] ઉપજતા નથી અને [जननीक्षीरं न पिबन्ति] તેઓ માતાનું દૂધ પીતા નથી. ૬૦

નિર્મોહી થઈને શરીરને પોતાનું ન માનો :—

अशरीरु वि सुसरीरु मुणि इहु सरीरु जडु जाणि ।
मिच्छा-मोहु परिच्चयहि मुत्ति णियं वि ण माणि ॥६१॥

अशरीरं अपि सु (स–) शरीरं मन्यस्व इदं शरीरं जडं जानीहि ।
मिथ्यामोहं परित्यज मूर्ति निजां अपि न मन्यस्व ॥६१॥

તનવિરહિત ચૈતન્યતન, પુદ્‌ગલતન જડ જાણ;
મિથ્યા મોહ દૂરે કરી, તન પણ મારું ન માન. ૬૧

**અન્વયાર્થ** :—[अशरीरं अपि] અશરીરને જ (આત્માને જ) [सु शरीरं मन्यस्व] સુંદર શરીર જાણો અને [इदं शरीरं जडं जानीहि] આ પુદ્‌ગલશરીરને જડ જાણો; [मिथ्यामोहं परित्यज] મિથ્યામોહનો ત્યાગ કરો [अपि] અને [मूर्ति] પોતાના શરીરને [निजां न मन्यस्व] પોતાનું ન માનો. ૬૧.

આત્માનુભવનું ફળ કેવલજ્ઞાન અને અવિનાશી સુખની પ્રાપ્તિ છે :—

अप्पइ अप्पु मुणंतयहं किं णेहाफलु होइ ।
केवल-णाणु वि परिणवइ सासय-सुक्खु लहेइ ॥६२॥

आत्मना आत्मानं जानतां किं न इह फलं भवति ।
केवलज्ञानं अपि परिणमति शाश्वतसुखं लभ्यते ॥६२॥

નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય?
પ્રગટે કેવલજ્ઞાન ને શાશ્વત સુખ પમાય. ૬૨.

**અન્વયાર્થ** :—[आत्मानं आत्मना जानतां] આત્માથી આત્માને જાણતાં, [इह] અહીં [किं फलं न भवति] ક્યું ફળ ન મળે? (બીજું તો શું) તેથી તો [केवलज्ञानं अपि परिणमति] જીવને કેવલજ્ઞાન પણ

પરિણમે છે (ઉત્પન્ન થાય છે) અને [शाश्वत् सुखं लभ्यते] શાશ્વત સુખ મળે છે. ૬૨.

આત્મજ્ઞાન સંસારથી છૂટવાનું કારણ છે :—

**जे परभाव चएवि मुणि अप्पा अप्प मुणंति ।**
**केवल-णाण-सरुव लइ (लहि?) ते संसारु मुंचति ॥६३॥**

ये परभावं त्यक्त्वा मुनयः आत्मना आत्मानं मन्यन्ते ।
केवलज्ञानस्वरुपं लात्वा (लब्ध्वा?) ते संसारं मुञ्चन्ति ॥६३॥

જો પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ;
કેવલજ્ઞાનસ્વરૂપ લહી, નાશ કરે ભવતાપ. ૬૩.

**અન્વયાર્થ** :—[ये मुनयः] જે મુનિઓ [परभावं त्यक्त्वा] પરભાવ છોડીને [आत्मना आत्मानं मन्यते] આત્માને આત્મા વડે જાણે છે. (પોતાને પોતા વડે જાણે છે) [ते] તેઓ [केवलज्ञानस्वरूपं लात्वा] કેવળજ્ઞાન સ્વરૂપ પામીને [संसारं] સંસારને [मुञ्चन्ति] છોડે છે. ૬૩.

ધન્ય તે ભગવન્તોને :—

**धण्णा ते भयवंत बुह जे परभाव चयंति ।**
**लोया—लोय—पयासयरु अप्पा विमल मुणंति ॥६४॥**

धन्याः ते भगवन्तः बुधाः ये परभावं त्यजन्ति ।
लोकालोकप्रकाशकरं आत्मानं विमलं मन्यन्ते ॥६४॥

ધન્ય અહો ભગવંત બુધ, જે ત્યાગે પરભાવ;
લોકાલોકપ્રકાશકર, જાણે વિમળ સ્વભાવ. ૬૪.

**અન્વયાર્થ** :—[धन्याः ते भगवन्तः बुधाः] ધન્ય તે ભગવાન

જ્ઞાનીઓને [ये परभावं त्यजन्ति] કે જેઓ પરભાવને છોડે છે અને [लोकालोकप्रकाशकरं विमलं आत्मानं] લોકાલોકપ્રકાશક નિર્મલ આત્માને [मन्यन्ते] જાણે છે. ૬૪.

આત્મરમણતા શિવસુખનો ઉપાય છે.

सागारु वि णागारु कु वि जो अप्पाणि वसेइ ।
सो लहु पावइ सिद्धि–सुहु जिणवरु एम भणेइ ॥६५॥

सागारः अपि अनगारः कः अपि यः आत्मनि वसति ।
स लघु प्राप्नोति सिद्धिसुखं जिनवरः एवं भणति ॥६५॥

મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન;
શીઘ્ર સિદ્ધિસુખ તે લહે, એમ કહે પ્રભુ જિન. ૬૫.

**અન્વયાર્થ** :—[सागारः अपि अनगारः] શ્રાવક હો કે મુનિ હો [यः कः अपि] કોઈ પણ હો, પણ જે [आत्मनि वसति] આત્મામાં વસે છે. [सः] તે [लघु] શીઘ્ર જ [सिद्धिसुखं प्राप्नोति] મોક્ષના સુખને પામે છે, [एवं] એમ [जिनवरः भणति] જિનવર કહે છે. ૬૫.

કોઈ વિરલા જ તત્ત્વજ્ઞાની હોય છે :—

विरला जाणहिं तत्तु बुह विरला णिसुणहिं तत्तु ।
विरला झायहिं तत्तु जिय विरला धारहिं तत्तु ॥६६॥

विरलाः जानन्ति तत्त्वं बुधाः विरला निशृण्वन्ति तत्त्वम् ।
विरलाः ध्यायन्ति तत्त्वं जीव विरलाः धारयन्ति तत्त्वम् ॥६६॥

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬

**અન્વયાર્થ** :—[जीव] હે જીવ! [विरलाः बुधाः] કોઈ વિરલ

જ્ઞાનીઓ [तत्त्वं जानन्ति] તત્ત્વને જાણે છે [विरलाः] કોઈ વિરલા જ [तत्त्वं निशृण्वन्ति] તત્ત્વને સાંભળે છે. [विरलाः] કોઈ વિરલા જ [तत्त्वं ध्यायन्ति] તત્ત્વને ધ્યાવે છે અને [विरलाः तत्त्वं धारयन्ति] કોઈ વિરલા જ તત્ત્વને ધારે છે. ૬૬.

કુટુંબમોહ ત્યાગવા યોગ્ય છે :—

**इहु परियण ण हु महुतणउ इहु सुहु-दुक्खहं हेउ ।**
**इम चिंतंतहं किं करइ लणु संसारहं छेउ ॥६७॥**

एषः परिजनः न खलु मदीयः एष सुखदुःखयो हेतुः ।
एवं चिन्तयतां किं क्रियते लघु संसारस्य छेदः ॥६७॥

આ પરિવાર ન મુજતણો, છે સુખ—દુ:ખની ખાણ;
જ્ઞાનીજન એમ ચિંતવી, શીઘ્ર કરે ભવહાણ. ૬૭

**અન્વયાર્થ** :—[एषः परिजनः] આ કુટુંબ પરિવાર [न खलु मदीयः] ખરેખર મારો નથી, [एषः] એ [सुखदुःखयोः हेतुः] એ માત્ર સુખદુ:ખનું જ કારણ છે, [एवं किं चिन्तयतां] એમ કંઈક ચિંતવતાં, [लघु] શીઘ્ર જ [संसारस्य छेदः] સંસારનો છેદ [क्रियते] કરવામાં આવે છે. ૬૭.

અશરણભાવના (સંસારમાં કોઈ પોતાને શરણ થતું નથી) :—

**इदं फणिंद-णरिंदय वि जीवहं सरणु ण होंति ।**
**असरणु जाणिवि मुणि-धवला अप्पा अप्प मुणंति ॥६८॥**

इन्द्रफणीन्द्रनरेन्द्राः अपि जीवानां शरणं न भवन्ति ।
अशरणं ज्ञात्वा मुनिधवलाः आत्मना आत्मानं मन्यते ॥६८॥

ઈન્દ્ર, ફણીન્દ્ર, નરેન્દ્ર પણ નહીં શરણ દાતાર;
શરણ ન જાણી મુનિવરો, નિજરૂપ વેદે આપ. ૬૮

**અન્વયાર્થ** :—[इन्द्रफणीन्द्रनरेन्द्राः अपि] ઇન્દ્ર, ફણીન્દ્ર અને નરેન્દ્ર પણ [जीवानां] જીવોને [शरणं न भवन्ति] શરણભૂત થઈ શકતા નથી, [अशरणं ज्ञात्वा] એ રીતે પોતાને અશરણ જાણીને [मुनिधवलाः] ઉત્તમ મુનિઓ [आत्मना आत्मानं मन्यन्ते] પોતા વડે પોતાને જાણે છે. ૬૮.

એકત્વભાવના (જીવ એકલો જ સુખ-દુઃખ ભોગવે છે) :—

**इक्क उपज्जइ मरइ कु वि दुहु सुहु भुंजइ इक्कु ।**
**णरयहं जाइ वि इक्क जिउ तह णिव्वाणहं इक्कु ॥६९॥**

एकः उत्पद्यते म्रियते एकः अपि दुःखं सुखं भुनक्ति एकः ।
नरकेभ्यः याति अपि एकः जीवः तथा निर्वाणाय एकः ॥६९॥

જન્મ—મરણ એક જ કરે, સુખ—દુઃખ વેદે એક;
નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક. ૬૯

**અન્વયાર્થ** :—[जीवः] જીવ [एकः] એકલો જ ઊપજે છે [एकः अपि] અને એકલો જ [म्रियते] મરે છે, [एकः] એકલો જ [दुःखं सुखं] સુખ-દુઃખને [भुनक्ति] ભોગવે છે, [नरकेभ्यः] નરકમાં પણ [एकः अपि] એકલો જ [याति] જાય છે [तथा] અને [निर्वाणाय] નિર્વાણને પણ [एकः] એકલો જ પામે છે. ૬૯.

એકત્વ ભાવના જાણવાનું પ્રયોજન :—

**एक्कुलउ जइ जाइसिहि तो परभाव चएहि ।**
**अप्पा सायहि णाणमउ लहु सिव-सुक्ख लहेहि ॥७०॥**

एकाकी यदि यास्यसि तर्हि परभावं त्यज ।
आत्मानं ध्यायस्व ज्ञानमयं लघु शिवसुखं लभसे ॥७०॥

જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષ સુખ થાય. ૭૦

**અન્વયાર્થ** :—હે જીવ [यदि] જો [एकाकी यास्यसि] તું એકલો જ છો [तर्हि] તો [परभावं त्यज] પરભાવને છોડ અને [ज्ञानमयं आत्मानं] જ્ઞાનમય આત્માનું [ध्यायस्व] ધ્યાન કર, જેથી તું [लघु] શીઘ્ર જ [शिवसुखं लभसे] મોક્ષસુખને પામીશ. ૭૦.

પુણ્યને પાપ કહેનારા કોઈ વિરલા જ છે :—

जो पाउ वि सो पाउ मुणि सव्वु इ को वि मुणेइ ।
जो पुण्णु वि पाउ वि भणइ सो बुह (?) को वि हवइ ।७१।

यत् पापं अपि तत् पापं जानाति (?) सर्वः इति कः अपि जानाति ।
यत् पुण्यं अपि पापं इति भणति स बुधः कः अपि भवति ।।७१।।

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧

**અન્વયાર્થ** :—[यत् पापं अपि] જે પાપ છે [तत् पापं जानाति] તે પાપ છે [इति] એમ તો [सर्वः कः अपि] સર્વ કોઈ [जानाति] જાણે છે, પણ [यत् पुण्यं अपि] જે પુણ્ય છે તે પણ [पापं] પાપ છે [इति भणति] એમ કહે છે [सः कः अपि बुधः भवति] એવો બુદ્ધિમાન પંડિત કોઈ વિરલ જ હોય છે. ૭૧.

પુણ્ય અને પાપ બન્ને હેય છે :—

जह लोहम्मिय णियड बुह तह सुण्णम्मिय जाणि ।
जं सुहु असुह परिच्चयहिं ते वि हवंति हु णाणि ।।७२।।

यथा लोहमयं निगडं बुध तथा सुवर्णमयं जानीहि ।
ये शुभं अशुभं परित्यजन्ति ते अपि भवन्ति खलु ज्ञानिनः ॥७२॥

લોહબેડી બંધન કરે, સોનાની પણ તેમ;
જાણી શુભાશુભ દૂર કરે, તે જ જ્ઞાનીનો મર્મ. ૭૨

**અન્વયાર્થ** :—[बुध] હે પંડિત! [यथा] જેવી રીતે [लोहमय निगडं] લોઢાની પણ બેડી છે [तथा] તેવી રીતે [सुवर्णमयं जानीहि] સોનાની પણ બેડી છે, એમ તું જાણ (અર્થાત્ જેવી રીતે લોઢાની બેડી બંધન કરે છે તેવી રીતે સોનાની બેડી પણ બંધન કરે છે એ દૃષ્ટાંતથી પુણ્ય-પાપને બન્નેને બંધનરૂપ જાણી) [ये] જેઓ [शुभं अशुभं] શુભ અશુભ બન્ને ભાવોને [परित्यजन्ति] છોડે છે [ते अपि] તેઓ જ [खलु] ખરેખર [ज्ञानिनः भवन्ति] જ્ઞાનીઓ છે. ૭૨.

ભાવનિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છે :—

जइया मणु णिग्गंथु जिय तइया तुहुं णिग्गंथु ।
जइया तुहुं णिग्गंथु जिय तो लब्भइ सिवपंथु ॥७३॥

यदा मनः निर्ग्रंथः जीव तदा त्वं निर्ग्रंथः ।
यदा त्वं निर्ग्रंथः जीव ततः लभ्यते शिवपन्थाः ॥७३॥

જો તુજ મન નિર્ગ્રંથ છે, તો તું છે નિર્ગ્રંથ;
જ્યાં પામે નિર્ગ્રંથતા, ત્યાં પામે શિવપંથ. ૭૩

**અન્વયાર્થ** :—[जीव] હે જીવ! [यदा] જો [मनः] મન [निर्ग्रंथः] નિર્ગ્રંથ હોય [तदा] તો [त्वं] તું [निर्ग्रन्थः] નિર્ગ્રન્થ છો; અને [जीव] હે જીવ! [यदा] જો [त्वं] તું [निर्ग्रन्थः] નિર્ગ્રંથ હો [ततः] તો [शिवपन्थाः लभ्यते] તને મોક્ષમાર્ગની પ્રાપ્તિ હોય છે. ૭૩.

દેહમાં દેવ છે :—

जं वडमज्झहं बीउ फुडु बीयहं वडु वि हु जाणु ।
तं देहहं देउ वि मुणहि जो तइलोय पहाणु ॥७४॥

यद् वटमध्ये बीजं स्फुटं बीजे वटं अपि खलु जानीहि ।
तं देहे देवं अपि मन्यस्व यः त्रिलोकप्रधानः ॥७४॥

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન. ૭૪.

**અન્વયાર્થ** :—[यत्] જેવી રીતે [स्फुटं] નિશ્ચયથી [वडमध्ये] વડમાં [बीजं] બીજ છે અને [खलु] નિશ્ચયથી [बीजे] બીજમાં [वटं अपि जानीहि] વડ પણ છે [तं] તેવી રીતે [देहे] દેહમાં [देवं अपि] દેવ છે, [यः त्रिलोकप्रधानः] કે જે ત્રણ લોકમાં પ્રધાન છે, [मन्यस्व] એમ જાણો. ૭૪

'હું જ પરમેશ્વર છું' એવી ભાવના જ મોક્ષનું કારણ છે :—

जो जिण सो हउं सो जि हउं एहउ भाउ णिभंतु ।
मोक्खहं कारण जोइया अण्णु ण तंतु णमंतु ॥७५॥

यः जिनः स अहं स एव अहं एतद् भावय निर्भ्रान्तम् ।
मोक्षस्य कारणं योगिन् अन्य न तन्त्रः न मन्त्रः ॥७५॥

જે જિન તે હું, તે જ હું, કર અનુભવ નિર્ભ્રાન્ત;
હે યોગી! શિવહેતુ એ, અન્ય ન મંત્ર ન તંત્ર. ૭૫.

**અન્વયાર્થ** :—[योगिन्] હે યોગી! [यः जिनः] જે જિનદેવ છે [सः अहं] તે હું છું, [अहं स एव] હું જિનદેવ જ છું [एतत्] એમ [निर्भ्रान्तं भावय] નિઃશંક ભાવ, [मोक्षस्य कारणं] એ મોક્ષનું કારણ છે, [अन्य न तन्त्रः न मन्त्रः] કોઈ અન્ય તંત્ર કે મંત્ર મોક્ષનું કારણ નથી. ૭૫.

લક્ષણથી પરમાત્માને જાણો :—

**बे ते चउ पंच वि णवहं सत्तहं छह पंचाहं ।**
**चउगुण-सहियउ सो मुणह एयइं लक्खण जाहं ॥७६॥**

द्वित्रिचतुःपञ्चापि नवानां सप्तानां षट् पञ्चानाम् ।
चतुर्गुणसहितं तं मन्यस्व, एतानि लक्षणानि यस्य ॥७६॥

બે, ત્રણ, ચાર, ને પાંચ, છ, સાત, પાંચ ને ચાર;
નવ ગુણયુત પરમાતમા, કર તું એ નિર્ધાર. ૭૬.

**અન્વયાર્થ** :—[द्वित्रि चतुः पंच अपि] બે, ત્રણ, ચાર અને પાંચ, [नवानां सप्तानां षट् पंचानां चतुर्गुणसहितं] નવ, સાત, છ, પાંચ અને ચાર ગુણ [यस्य एतानि लक्षणानि] એ જેનાં લક્ષણો છે [तं मन्यस्व] તેને (તે આત્માને) જાણ. ૭૬.

રત્નત્રય નિર્વાણનું કારણ છે :—

**बे छंडिवि बे-गुण-सहिउ जो अप्पाणि वसेइ ।**
**जिणु सामिउ एमंई भणइ लहु णिव्वाणु लहेइ ॥७७॥**

द्वौ त्यक्त्वा द्विगुणसहितः यः आत्मनि वसति ।
जिनः स्वामी एवं भणति लघु निर्वाणं लभते ॥७७॥

બે ત્યાગી બે ગુણ સહિત, જે આતમરસ લીન;
શીઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન. ૭૭.

**અન્વયાર્થ** :—[द्वौ त्यक्त्वा] રાગદ્વેષ એ બેનો ત્યાગ કરીને [द्वि गुणसहितः] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ બે ગુણોથી યુક્ત થઈને [यः] જે [आत्मनि] આત્મામાં [वसति] વસે છે તે [लघु] શીઘ્ર જ [निर्वाणं लभते] નિર્વાણને પામે છે, [एवं] એ પ્રમાણે [जिन स्वामी भणति] જિનસ્વામી કહે છે. ૭૭.

રત્નત્રય શાશ્વત સુખનું કારણ છે :—

**तिहिं रहियउ तिहिं गुण-सहिउ जो अप्पाणि वसेइ ।**
**सो सासय-सुह-भायणु वि जिणवरु एम भणेइ ॥७८॥**

त्रिभिः रहितः त्रिभिः गुणसहितः यः आत्मनि वसति ।
स शाश्वतसुखभाजनं अपि जिनवरः एवं भणति ॥७८॥

ત્રણ રહિત ત્રણ ગુણ સહિત, નિજમાં કરે નિવાસ;
શાશ્વત સુખના પાત્ર તે, જિનવર કરે પ્રકાશ. ૭૮.

**અન્વયાર્થ** :—[यः] જે [त्रिभिः रहितः] રાગ, દ્વેષ, મોહ એ ત્રણથી રહિત થઈને [त्रिभिः गुणसहितः] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ ગુણો યુક્ત થઈને [आत्मनि निवसति] આત્મામાં વસે છે [सः अपि] તે જ [शाश्वत सुखभाजनं] શાશ્વત સુખનું ભાજન થાય છે, [एव] એમ [जिनवरः भणति] જિનવરદેવ કહે છે. ૭૮.

ચાર ગુણ સહિત આત્માને ધ્યાવ :—

**चउ-कसाय-सण्णा-रहिउ चउ-गुण-सहियउ वुत्तु ।**
**स्ते अप्पा मुणि जीव तुहुं जिम परु होहि पवत्तु ॥७९॥**

चतुः कषाय संज्ञारहितः चतुर्गुणसहितः उक्तः ।
स आत्मा (इति) मन्यस्व जीव त्वं यथा परः भवसि पवित्रः ॥७९॥

કષાય સંજ્ઞા ચાર વિણ, જે ગુણ ચાર સહિત;
હે જીવ! નિજરૂપ જાણ એ, થઈશ તું પરમ પવિત્ર. ૭૯.

**અન્વયાર્થ** :—[जीव] હે જીવ! જે [चतुः कषायसंज्ञारहितः] ચાર કષાય અને ચાર સંજ્ઞાથી રહિત છે અને [चतुर्गुणसहितः उक्तः]

ચાર ગુણોથી (અનંતદર્શન, જ્ઞાન, સુખ અને વીર્ય એ ચાર ગુણોથી) યુક્ત છે [सः आत्मा] તે આત્મા છે; એમ [त्वं मन्यस्व] તું જાણ, [यथा] કે જેથી તું [पवित्रः परः भवसि] પવિત્ર પરમાત્મા થઈશ. ૭૯.

દશ ગુણ સહિત આત્માને ધ્યાવે :—

बे-पंचहं रहियउ मुणहि बे-पंचहं संजुत्तु ।
बे-पंचहं जो गुणसहिउ सो अप्पा णिरु वुत्तु ॥८०॥

द्विपञ्चानां (पञ्चभिः) रहितः (इति) मन्यस्व द्विपञ्चानां संयुक्तः ।
द्विपञ्चानां यः गुणसहितः स आत्मा निश्चयेन उक्तः ॥८०॥

દશ વિરહિત, દશથી સહિત, દશ ગુણથી સંયુક્ત;
નિશ્ચયથી જીવ જાણવો, એમ કહે જિનભૂપ. ૮૦.

**અન્વયાર્થ** :—[यः] જે [द्विपञ्चानां रहितः] દશથી રહિત, [द्विपञ्चानां संयुक्तः] દશથી સહિત અને [द्विपञ्चानां गुणसहितः मन्यस्व] દશ ગુણોથી સહિત છે, [सः आत्मा निश्चयेन उक्तः] તેને નિશ્ચયથી આત્મા કહ્યો છે. ૮૦.

આત્મા તપ ત્યાગાદિ છે :—

अप्पा दंसणु णाणु मुणि अप्पा चरणु वियाणि ।
अप्पा संजमु सील तउ अप्पा पच्चक्खाणि ॥८१॥

आत्मानं दर्शनं ज्ञानं मन्यस्व आत्मानं चरणं विजानीहि ।
आत्मानं संयमं शीलं तपः आत्मानं प्रत्याख्यानम् ॥८१॥

આત્મા દર્શન–જ્ઞાન છે, આત્મા ચારિત્ર જાણ;
આત્મા સંયમ–શીલ–તપ, આત્મા પ્રત્યાખ્યાન. ૮૧.

**અન્વયાર્થ** :—[आत्मानं दर्शनं ज्ञानं मन्यस्व] આત્માને દર્શન

અને જ્ઞાન જાણો; [आत्मानं चरणं विजानीहि] આત્માને ચારિત્ર જાણો; [आत्मानं] આત્માને [संयमं शीलं तपः] સંયમ, શીલ, અને તપ જાણો, [आत्मानं प्रत्याख्यानं] આત્માને પ્રત્યાખ્યાન જાણો. ૮૧.

સ્વ-પરને જાણવાનું પ્રયોજન :—

जो परियाणइ अप्प परु सो परु चयइ णिभंतु ।
सो सण्णासु मुणेहि तहुं केवल णाणिं उत्तु ॥८२॥

यः परिजानाति आत्मानं परं स परं त्यजति निर्भ्रान्तम् ।
तत् संन्यासं मन्यस्व मन्यस्व त्वं केवलज्ञानिना उक्तं ॥८२॥

જે જાણે નિજ આત્મને, પર ત્યાગે નિર્ભ્રાન્ત;
તે જ ખરો સંન્યાસ છે, ભાખે શ્રી જિનનાથ. ૮૨.

**અન્વયાર્થ** :—[यः] જે [परं आत्मानं] પરમાત્માને [परिजानाति] જાણે છે [सः] તે [परं] પરને [निर्भ्रान्तं] નિસ્સંશય [त्यजति] છોડે છે. [तत्] તેને જ [त्वं] તું [संन्यासं] ખરો સંન્યાસ [मन्यस्व] જાણ [केवलज्ञानिना उक्तं] એમ કેવલજ્ઞાની કહે છે. ૮૨.

રત્નત્રયયુક્ત જીવ ઉત્તમ તીર્થ છે :—

रयणत्तय-सजुत्त जिउ उत्तिमु तित्थु पवित्तु ।
मोक्खहं कारण जोइया अण्णु ण तंतु ण मंतु ॥८३॥

रत्नत्रयसंयुक्तः जीवः उत्तमं तीर्थं पवित्रम् ।
मोक्षस्य कारणं योगिन् अन्यः न तन्त्रः न मन्त्रः ॥८३॥

રત્નત્રયયુત જીવ જે, ઉત્તમ તીર્થ પવિત્ર;
હે યોગી! શિવહેતુ એ, અન્ય ન તંત્ર ન મંત્ર. ૮૩.

**અન્વયાર્થ** :—[योगिन्] હે યોગી! [रत्नत्रयसंयुक्तः जीवः] રત્નત્રયયુક્ત જીવ જે [उत्तमं पवित्रं तीर्थं] ઉત્તમ પવિત્ર તીર્થ છે તે

[मोक्षस्य कारणं] મોક્ષનું કારણ છે, [अन्यः न तन्त्रः न मन्त्रः] અન્ય તંત્ર કે મંત્ર મોક્ષનું કારણ નથી. ૮૩.

રત્નત્રયનું સ્વરૂપ :—

दंसणु जं पिच्छियइ बुह अप्पा विमल महंतु।
पुणु पुणु अप्पा भावियए सो चारित्त पवित्तु ॥८४॥

दर्शनं यत् प्रेक्ष्यते बुधः (बोधः) आत्मा विमलः महान्।
पुनः पुनर् आत्मा भाव्यते तत् चारित्रं पवित्रम् ॥८४॥

દર્શન જે નિજ દેખવું, જ્ઞાન જે વિમળ મહાન;
ફરી ફરી આતમભાવના, તે ચારિત્ર પ્રમાણ. ૮૪.

**અન્વયાર્થ** :—[आत्मा विमलः महान्] આત્મા નિર્મલ મહાન પરમાત્મા છે. [यत् प्रेक्ष्यते] એમ શ્રદ્ધવું તે [दर्शनं] સમ્યક્ દર્શન છે [बुधः] અને એમ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે તથા [आत्मा पुनः पुनः भाव्यते] આત્માની વારંવાર ભાવના કરવી [तत्] તે [पवित्रं चारित्रं] પવિત્ર ચારિત્ર છે. ૮૪.

જ્યાં ચેતન ત્યાં ગુણ :—

जहिं अप्पा तहिं सयल-गुण केवलि एम भणंति।
तिहिं कारणए जोइ फुडु अप्पा विमलु मुणंति ॥८५॥

यत्र आत्मा तत्र सकलगुणाः केवलिनः एवं भणन्ति।
तेन (?) कारणेन योगिनः स्फुटं आत्मानं विमलं मन्यंते ॥८५॥

જ્યાં ચેતન ત્યાં સકલ ગુણ, કેવળી એમ વદંત;
તેથી યોગી નિશ્ચયે, શુદ્ધાત્મા જાણંત. ૮૫.

**અન્વયાર્થ** :—[यत्र आत्मा] જ્યાં આત્મા છે, [तत्र सकल गुणाः] ત્યાં સમસ્ત ગુણો છે. [एवं] એમ [केवलिनः भणन्ति] કેવલી

કહે છે; [तेन कारणेन] તેથી [योगिनः] યોગીલોક [स्फुटं] નિશ્ચયથી [विमलं आत्मानं] નિર્મળ આત્માને [मन्यंते] જાણે છે. ૮૫.

એક આત્માને જાણો :—

**एक्कलउ इंदिय रहियउ मण-वय-काय-ति-सुद्धि ।**
**अप्पा अप्पु मुणेहि तुहुं लहु पावहि सिवसिद्धि ॥८६॥**

एकाकी इन्द्रियरहितः मनोवाक्काय त्रिशुद्धया ।
आत्मन् आत्मानं मन्यस्व त्वं लघु प्राप्नोषि शिवसिद्धिम् ॥८६॥

એકાકી, ઇન્દ્રિયરહિત, કરી યોગત્રય શુદ્ધ;
નિજ આત્માને જાણીને, શીઘ્ર લહો શિવસુખ. ૮૬.

**અન્વયાર્થ** :—[आत्मन्] હે આત્મા! [एकाकी इन्द्रियरहितः त्वं] એકાકી ઇન્દ્રિયરહિત એવો તું [मनोवाक्कायत्रिशुद्धया] મન, વચન, અને કાયની શુદ્ધિથી [आत्मानं] આત્માને [मन्यस्व] જાણ; તો તું [लघु] શીઘ્ર જ [शिवसिद्धिं] મોક્ષસિદ્ધિને [प्राप्नोषि] પામીશ. ૮૬.

સહજ સ્વરૂપમાં રમણ કર :—

**जइ बद्धउ मुक्कउ मुणहि तो बंधियहि णिभंतु ।**
**सहज-सरूवइ जइ रमहि तो पावहि सिव सन्तु ॥८७॥**

यदि बद्धं मुक्तं मन्यसे ततः बध्यसे निर्भ्रान्तम् ।
सहजस्वरूपे यदि रमसे ततः प्राप्नोषि शिवं शान्तम् ॥८७॥

બંધ—મોક્ષના પક્ષથી નિશ્ચય તું બંધાય;
સહજ સ્વરૂપે જો રમે, તો શિવસુખરૂપ થાય. ૮૭.

**અન્વયાર્થ** :—[यदि] જો તું [बद्धं मुक्तं मन्यसे] બંધ મોક્ષની કલ્પના કરીશ (આત્મા બંધાયો, આત્મા છૂટ્યો એવા વિકલ્પ કરીશ)

[ततः] તો [निर्भ्रान्तं] નિઃસંશય [बध्यसे] તું બંધાઈશ; [यदि] જો [सहजस्वरूपे] સહજસ્વરૂપમાં [रमसे] તું રમણ કરીશ તો તું [शांतं शिवं] શાંત અને શિવ એવા પરમાત્માને [प्राप्नोषि] પામીશ. ૮૭

સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય છે :—

**सम्माइट्ठी-जीवडहं दुग्गइ-गमणु ण हइ ।**
**जइ जाइ वि तो दासु णवि पुव्व-क्किउ खवणेइ ॥८८॥**

सम्यग्दृष्टिजीवस्य दुर्गतिगमनं न भवति ।
यदि याति अपि तर्हि (ततः?) दोषः नैव पूर्वकृतं क्षयपति ॥८८॥

સમ્યગ્દષ્ટિ જીવને દુર્ગતિ ગમન ન થાય;
કદી જાય તો દોષ નહિ, પૂર્વકર્મ ક્ષય થાય. ૮૮.

**અન્વયાર્થ** :—[सम्यग्दृष्टिजीवस्य दुर्गतिगमनं न भवति] સમ્યગ્દષ્ટિ જીવ દુર્ગતિમાં જતા નથી. [यदि अपि याति] જો કદાચિત્ જાય [तर्हि] તો [दोषः न एव] દોષ નથી, (હાનિ નથી) (કારણ કે) [पूर्वकृतं क्षपयति] તે પૂર્વે બાંધેલા કર્મનો ક્ષય કરે છે. ૮૮.

જે સ્વરૂપમાં રમે તે જ શીઘ્ર ભવપાર પામે :—

**अप्प-सरूवहं (-सरूवइ?) जो रमइ छंडिवि सहु ववहारु ।**
**सो सम्माइट्ठी हवइ लहु पावइ भवपारु ॥८९॥**

आत्मस्वरूपे यः रमते त्यक्त्वा सर्वं व्यवहारम् ।
स सम्यग्दृष्टिः भवति लघु प्राप्नोति भवपारम् ॥८९॥

આત્મ સ્વરૂપે જે રમે, તજી સકળ વ્યવહાર;
સમ્યગ્દષ્ટિ જીવ તે, શીઘ્ર કરે ભવપાર. ૮૯.

**અન્વયાર્થ** :—[यः] જે [सर्वं व्यवहारं त्यक्त्वा] સર્વ વ્યવહારને ત્યાગીને [आत्मस्वरूपे रमते] આત્મસ્વરૂપમાં રમે છે, [सः सम्यग्दृष्टिः

भवति] તે સમ્યગ્દૃષ્ટિ છે અને તે [लघु] શીઘ્ર જ [भवपारं प्राप्नोति] ભવપારને પામે છે. ૮૯.

સમ્યગ્દૃષ્ટિ જ ખરો પંડિત છે :—

**जो सम्मत्त-पहाण बुहु सो तइलोय-पहाणु ।**
**केवल-णाण वि लहु लहइ सासय-सुक्ख विहाणु ।।६०।।**

यः सम्यक्त्वप्रधानः बुधः स त्रिलोकप्रधानः ।
केवलज्ञानमपि लघु लभते शाश्वतसौख्यनिधानम् ।।६०।।

જે સમ્યક્ત્વ પ્રધાન બુધ, તે જ ત્રિલોક પ્રધાન;
પામે કેવલજ્ઞાન ઝટ, શાશ્વત સૌખ્યનિધાન. ૯૦.

**અન્વયાર્થ** :—[यः] જે [सम्यक्त्वप्रधानः बुधः] સમ્યક્ત્વપ્રધાન પંડિત છે [सः] તે [त्रिलोकप्रधानः बुधः] ત્રણ લોકમાં પ્રધાન છે; તે [लघु] શીઘ્ર જ [शाश्वतसौख्यनिधानं केवलज्ञानं अपि] શાશ્વતસુખના નિધાન એવા કેવલજ્ઞાનને પણ [लभते] પામે છે. ૯૦.

આત્મસ્થિરતા તે સંવર નિર્જરાનું કારણ છે :—

**अजरु अमरु गुण-गण-णिलउ जहिं अप्पा थिरु ठाइ ।**
**सो कम्मेहिं ण बधियउ संचिय पुव्वं विलाइ ।।६१।।**

अजरः अमरः गुणगणनिलयः यत्र आत्मा स्थिरः तिष्ठति ।
स कर्मभिः न बद्धः संचितपूर्वं विलीयते ।।६१।।

અજર, અમર, બહુ ગુણનિધિ, નિજરૂપે સ્થિર થાય;
કર્મબંધ તે નવ કરે, પૂર્વબદ્ધ ક્ષય થાય. ૯૧.

**અન્વયાર્થ** :—[अजरः अमरः गुणगणनिलयः आत्मा यत्र] અજર, અમર, અને ગુણોના ભંડારરૂપ જે આત્મા આત્મામાં [स्थिरः तिष्ठति] સ્થિર રહે છે [सः] તે [कर्मभिः न बद्धः] કર્મોથી બંધાતો

નથી અને [संचितपूर्वं विलीयते] પૂર્વે સંચિત કરેલા કર્મનો જ નાશ થાય છે. ૯૧.

આત્મસ્વભાવમાં રત જીવ કર્મથી બંધાતો નથી :—

जह सलिलेण ण लिप्पियइ कमलणि-पत्त क्या वि ।
तह कम्मेहिं ण लिप्पियइ जइ रइ अप्प-सहावि ।।६२।।

यथा सलिलेन न लिप्यते कमलिनी पत्रं कदा अपि ।
तथा कर्मभिः न लिप्यते यदि रतिः आत्मस्वभावे ।।६२।।

પંકજ જ્યમ પાણી થકી, કદાપિ નહિ લેપાય;
લિપ્ત ન થાયે કર્મથી, જે લીન આત્મસ્વભાવ. ૯૨.

**અન્વયાર્થ** :—[यथा] જેવી રીતે [कमलिनी पत्रं] કમલપત્ર [कदा अपि] કદી પણ [सलिलेन न लिप्यते] જલથી લેપાતું નથી, [तथा] તેવી રીતે [यदि आत्मस्वभावे रतिः] જો આત્મસ્વભાવમાં રતિ હોય તો [कर्मभिः] કર્મોથી જીવ [न लिप्यते] લેપાતો નથી. ૯૨.

વારંવાર આત્મામાં રમનારો શીઘ્ર નિર્વાણને પામે છે :—

जो सम-सुक्ख-णिलीणु बुहु पुण पुण अप्पु मुणेइ ।
कम्मक्खउ करि सो वि फुडु लहु णिव्वाणु लहेइ ।।६३।।

यः शमसौख्यनिलीनः बुधः पुनः पुनः आत्मानं मन्यते ।
कर्मक्षयं कृत्वा स अपि स्फुटं लघु निर्वाणं लभते ।।६३।।

શમ સુખમાં લીન જે કરે ફરી ફરી નિજ અભ્યાસ;
કર્મક્ષય નિશ્ચય કરી, શીઘ્ર લહે શિવવાસ. ૯૩.

**અન્વયાર્થ** :—[शमसौख्यनिलीनः] શમ અને સુખમાં લીન થઈને [यः बुधः] જે જ્ઞાની [पुनः पुनः] વારંવાર [आत्मानं मन्यते]

આત્માને જાણે છે, [सः अपि] તે પણ [स्फुटं] નિશ્ચયથી [कर्मक्षयं कृत्वा] કર્મનો ક્ષય કરી [लघु] શીઘ્ર જ [निर्वाणं लभते] નિર્વાણને પામે છે.

આત્માને અનંતગુણમય ધ્યાવો :—

पुरिसायार-पमाणु जिय अप्पा एहु पवित्तुं ।
जोइज्जइ गुण-गण णिलउ णिम्मल तेय—फुरंतु ॥६४॥

पुरुषाकारप्रमाणः जीव आत्मा एष पवित्रः ।
दृश्यते गुणगणनिलयः निर्मलतेजः स्फुरन् ॥६४॥

પુરુષાકાર પવિત્ર અતિ, દેખો આતમરામ;
નિર્મળ તેજોમય અને અનંત ગુણગણધામ. ૯૪

**અન્વયાર્થ** :—[जीव] હે જીવ! [एषः आत्मा] આ આત્મા [पुरुषाकारप्रमाणः] પુરુષાકારપ્રમાણ, [पवित्रः] પવિત્ર, [गुणगणनिलयः] ગુણોના ભંડારરૂપ અને [निर्मलतेजः स्फुरन्] નિર્મલ તેજથી સ્ફુરાયમાન [दृश्यते] દેખાય છે. ૯૪.

ભેદવિજ્ઞાની સર્વશાસ્ત્રોનો જ્ઞાતા છે.

जो अप्पा सुद्धु वि मुणइ असुइ-सरीर-विभिन्नु ।
सो जाणइं सत्थइं सयल सासय-सुखहं लीणु ॥६५॥

यः आत्मानं शुद्धं अपि मन्यते अशुचिशरीरविभिन्नम् ।
स जानाति शास्त्राणि सकलानि शाश्वतसौख्ये (?) लीनः ॥६५॥

જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન;
તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શાશ્વત સુખમાં લીન. ૯૫.

**અન્વયાર્થ** :—[यः] જે [शुद्धं आत्मानं] શુદ્ધ આત્માને [अशुचिशरीरविभिन्नं अपि] અશુચિ શરીરથી ભિન્ન જ [मन्यते] જાણે છે, [सः] તે [सकलानि शास्त्राणि] સકલ શાસ્ત્રોને [जानाति] જાણે છે અને તે [शाश्वत सौख्यं लीनः] શાશ્વત સુખમાં લીન થાય છે. ૯૫.

આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રજ્ઞાન વ્યર્થ છે :—

**जो णवि जाणइ अप्पु परु णवि परभाउ चएइ ।**
**सो जाणउ सत्थइं सयलं ण हु सिवसुक्खु लहेइ ।।९६।।**

यः नैव जानाति आत्मानं परं नैव परभावं त्यजति ।
स जानातु शास्त्राणि सकलानि न खलु शिवसौख्यं लभते ।।९६।।

નિજ પરરૂપથી અજ્ઞ જન, જે ન તજે પરભાવ;
જાણે કદી સૌ શાસ્ત્ર પણ, થાય ન શિવપુર રાવ. ૯૬.

**અન્વયાર્થ** :—[यः] જે [परं आत्मानं] પરમાત્માને [न एव जानाति] જાણતો નથી અને [परभावं] પરભાવને [न त्यजति] છોડતો નથી, [सः] તે [सकलानि शास्त्राणि] ભલે સર્વશાસ્ત્રો [जानातु] જાણે પણ તે [खलु] નિશ્ચયથી [शिवसौख्यं न लभते] શિવસુખને પામતો નથી. ૯૬.

પરમસમાધિ શિવસુખનું કારણ છે :—

**वज्जिय सयल वियप्पइं परम-समाहि लहंति ।**
**जं विंदहिं साणंदु क वि सो सिव-सुक्ख भणंति ।।९७।।**

वर्जितं सकलविकल्पेन परमसमाधिं लभन्ते ।
यद् विन्दन्ति सानंदं किं अपि तत् शिवसौख्यं भणन्ति ।।९७।।

તજી કલ્પનાજાળ સૌ, પરમસમાધિલીન;
વેદે જે આનંદને, શિવસુખ કહેતા જિન. ૯૭.

**અન્વયાર્થ** :—[सकलविकल्पेन वर्जितं] સમસ્ત વિકલ્પોથી રહિત [परमसमाधिं लभन्ते] પરમસમાધિ પામે છે [यद् सानंदं विदन्ति] અને જે આનંદ સહિત વેદે છે, [तत्] તેને [किं अपि शिवसौख्यं भणन्ति] કંઈક શિવસુખ કહે છે. ૯૭.

આત્મધ્યાન પરમાત્માનું કારણ છે :—

जो पिंडत्थु पयत्थु बुह रूवत्थु वि जिण–उत्तु ।
रूवातीतु मुणेहि लहु जिम परु होहि पवित्तु ॥९८॥

यत् पिण्डस्थं पदस्थं बुध रूपस्थं अपि जिनोक्तं ।
रुपातीतं मन्यस्व लघु यथा परः भवसि पवित्रः ॥९८॥

જે પિંડસ્થ, પદસ્થ ને રૂપસ્થ, રૂપાતીત;
જાણી ધ્યાન જિનોક્ત એ, શીઘ્ર બનો સુપવિત્ર. ૯૮.

**અન્વયાર્થ** :—[बुध] હે જ્ઞાની! [जिनोक्तं] જિન ભગવાને કહેલ [यत् पिण्डस्थं पदस्थं रूपस्थं अपि रूपातीतं] જે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ચાર પ્રકારના ધ્યાન છે તેને [मन्यस्व] તું જાણ; [यथा] કે જેથી તું [लघु] શીઘ્ર જ [पवित्रः परः] પવિત્ર પરમાત્મા [भवसि] થઈશ. ૯૮.

સમતાભાવે સર્વ જીવને જ્ઞાનમય જાણવા તે સામાયિક છે :—

सव्वे जीवा णाणमया जो सम-भाव मुणेइ ।
सो सामाइउ जाणि फुडु जिणवर एम भणेइ ॥९९॥

सर्वे जीवाः ज्ञानमयाः (इति) यः समभावः मन्यते ।
तत् सामायिकं जानीहि स्फुटं जिनवरः एवं भणति ॥९९॥

સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૯૯.

**અન્વયાર્થ** :—[सर्वे जीवाः ज्ञानमयाः] સર્વ જીવો જ્ઞાનમય છે એવો [यः] જે [समभावः मन्यते] સમભાવ છે, [तत्] તેને [स्फुटं] નિશ્ચયથી [सामायिकं] સામાયિક [जानीहि] જાણો, [एवं] એમ [जिनवरः भणति] જિનવરદેવ કહે છે. ૯૯.

રાગ-દ્વેષનો ત્યાગ કરવો તે સામાયિક છે :—

**राय रोस बे परिहरिवि जो समभाउ मुणेइ ।**
**सो सामाइउ जाणि फुडु केवलि एम भणेइ ॥१००॥**

राग-रोषौ द्वौ परिहृत्य यः समभावः मन्यते ।
तत् सामायिकं जानीहि स्फुटं जिनवरः एवं भणति ॥१००॥

રાગ-દ્વેષ બે ત્યાગીને, ધારે સમતાભાવ;
તે સામાયિક જાણવું; ભાખે જિનવરરાવ. ૧૦૦.

**અન્વયાર્થ** :—[रागरोषौ द्वौ] રાગદ્વેષ એ બન્ને [परिहृत्य] છોડીને [यः समभावः मन्यते] જે સમભાવ થાય છે [तत्] તેને [स्फुटं सामायिकं जानीहि] નિશ્ચયથી સામાયિક જાણો, [एवं] એમ [जिनवरः भणति] જિનવરદેવ કહે છે. ૧૦૦.

છેદોપસ્થાપના ચારિત્ર :—

**हिंसादिउ-परिहारु करि जो अप्पा हु ठवेइ ।**
**सो बियऊ चारित्तु मुणि जो पंचम-गइ णेइ ॥१०१॥**

हिंसादिकपरिहारं कृत्वा यः आत्मानं खलु स्थापयति ।
तद् द्वितीयं चारित्रं मन्यस्व यत् पंचमगतिं नयति ॥१०१॥

હિંસાદિકના ત્યાગથી, આત્મસ્થિતિકર જેહ;
તે બીજું ચારિત્ર છે, પંચમગતિ કર તેહ. ૧૦૧.

**અન્વયાર્થ** :—[हिंसादिकपरिहारं कृत्वा] હિંસાદિકનો ત્યાગ કરીને [यः] જે [खलु] નિશ્ચયથી [आत्मानं स्थापयति] આત્માને સ્થિર કરે છે, [तद्] તેને [द्वितीयं चारित्रं मन्यस्व] બીજું (છેદોપસ્થાપના) ચારિત્ર જાણો [यत्] કે જે [पञ्चमगतिं नयति] મોક્ષગતિમાં લઈ જાય છે. ૧૦૧.

પરિહારવિશુદ્ધિચારિત્ર :—

मिच्छादिउ जो परिहरणु सम्मद्दंसण सुद्धि ।
सो परिहार-विसुद्धि मुणि लहु पावहि सिव-सिद्धि ।।१०२।।

मिथ्यादेः (?) यत् परिहरणं सम्यग्दर्शनविशुद्धिः ।
तां परिहारविशुद्धिं जानीहि लघु प्राप्नोषि शिवसिद्धिम् ।।१०२।।

મિથ્યાત્વાદિક પરિહરણ, સમ્યગ્દર્શનશુદ્ધિ;
તે પરિહારવિશુદ્ધિ છે, શીઘ્ર લહો શિવસિદ્ધિ. ૧૦૨.

**અન્વયાર્થ** :—[यत् मिथ्यादेः परिहरणं] જે મિથ્યાત્વાદિના ત્યાગરૂપ [सम्यग्दर्शन शुद्धिः] સમ્યગ્દર્શનની વિશુદ્ધિ છે [तां] તેને [परिहारविशुद्धिं जानीहि] પરિહારવિશુદ્ધિ ચારિત્ર જાણો, કે જેથી તું [लघु] શીઘ્ર જ [शिवसिद्धिं प्राप्नोषि] શિવસિદ્ધિને પ્રાપ્ત કરીશ. ૧૦૨.

યથાખ્યાતચારિત્ર :—

सुहुमहं लोहहं जो विलउ जो सुहुमु वि परिणामु ।
सो सुहुमु वि चारित्त मुणि सो सासय-सुह-धामु ।।१०३।।

सूक्ष्मस्य लोभस्य यः विलयः यः सूक्ष्मः अपि परिणामः ।
तत् सूक्ष्मं अपि चारित्रं जानीहि तत् शाश्वतसुखधाम ।।१०३।।

સૂક્ષ્મ લોભના નાશથી, જે સુક્ષ્મ પરિણામ;
જાણો સૂક્ષ્મ-ચરિત્ર તે, જે શાશ્વત સુખધામ. ૧૦૩.

**અન્વયાર્થ** :—[सूक्ष्मस्य लोभस्य] સૂક્ષ્મ લોભનો [यः विलयः] જે નાશ થવો, (અર્થાત્) [यः सूक्ष्मः अपि परिणामः] જે સૂક્ષ્મ (વીતરાગ) પરિણામ થવો [तत्] તેને [सूक्ष्मं अपि चारित्रं] સૂક્ષ્મ (યથાખ્યાત) ચારિત્ર [जानीहि] જાણો. [तत् शाश्वतसुखधाम] તે શાશ્વત સુખનું ધામ છે. ૧૦૩.

આત્મા જ પંચપરમેષ્ઠી છે :—

**अरहंतु वि सो सिद्धु फुडु सो आयरिउ वियाणि ।**
**सो उवसायउ सो जिमुणि णिच्छइं अप्पा जाणि ॥१०४॥**

अर्हन् अपिः सः सिद्धः स्फुटं स आचार्यः (इति) विजानीहि ।
स उपाध्यायः स एव मुनिः निश्चयेन आत्मा (इति) जानीहि ॥१०४॥

આત્મા તે અર્હંત છે, સિદ્ધ નિશ્ચયે એ જ;
આચારજ, ઉવઝાય ને સાધુ નિશ્ચય તે જ. ૧૦૪.

**અન્વયાર્થ** :—[निश्चयेन] નિશ્ચયથી [आत्मा] આત્મા જ [अर्हन् अपि] અર્હંત છે [सः स्फुटं सिद्धः] તે જ સિદ્ધ છે અને [सः आचार्यः] તે જ આચાર્ય છે. [विजानीहि] એમ જાણો; [सः उपाध्यायः] તે જ ઉપાધ્યાય છે અને [सः एव मुनिः] તે જ મુનિ છે, [जानीहि] એમ જાણો. ૧૦૪.

આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે :—

**सो सिउ संकरु विण्हु सो सो रुद्ध वि सो बुद्धु ।**
**सो जिणु ईसरु बंभु सो सो अणंतु सो सिद्धु ॥१०५॥**

स शिवः शङ्करः विष्णुः स स रुद्रः अपि स बुद्धः ।
स जिनः ईश्वरः ब्रह्मा स स अनन्तः स सिद्ध ॥१०५॥

તે શિવ, શંકર, વિષ્ણુ ને રુદ્ર, બુદ્ધ, પણ તે જ;
બ્રહ્મા, ઈશ્વર, જિન તે, સિદ્ધ અનંત પણ તે જ. ૧૦૫.

**અન્વયાર્થ** :—[सः शिवः] તે જ શિવ છે, [शङ्करः] તે જ શંકર છે, [सः विष्णुः] તે જ વિષ્ણુ છે, [सः रुद्रः अपि] તે જ રુદ્ર છે, [सः बुद्धः] તે જ બુદ્ધ છે, [सः जिनः] તે જ જિન છે, [ईश्वरः]

તે જ ઈશ્વર છે, [सः ब्रह्मा] તે જ બ્રહ્મા છે, [सः अनन्तः] તે જ અનન્ત છે, [सः सिद्ध] તે જ સિદ્ધ છે. ૧૦૫.

દેહમાં રહેલા આત્મા અને પરમાત્મામાં કાંઈ પણ તફાવત નથી :—

एव हि लक्खण-लखियउ जो वरु णिक्कलु देउ ।
देहहं मज्सहिं सो वसइ तासु ण विज्ञइ भेउ ।।१०६।।

एवं हि लक्षणलक्षितः यः परः निष्कलः देवः ।
देहस्य मध्ये स वसति तयोः न विद्यते भेदः ।।१०६।।

એવા લક્ષણયુક્ત જે, પરમ વિદેહી દેવ;
દેહવાસી આ જીવમાં ને તેમાં નથી ફેર. ૧૦૬.

**અન્વયાર્થ** :—[एवं हि लक्षणलक्षितः] આ રીતે લક્ષણોથી લક્ષિત [यः] જે [निष्कलः परः देवः] નિષ્કલ પરમાત્મા દેવ છે અને [देहस्य मध्ये] દેહમાં [सः वसति] વસે છે, [तयोः] તે બન્નેમાં [भेदः न विद्यते] કોઈ ભેદ નથી. ૧૦૬.

આત્મદર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે :—

जे सिद्ध, जे सिज्झिहिं जे सिज्झहि जिण-उत्तु ।
अप्पा-दंसणिं ते वि फुडु एहउ जाणि णिभंतु ।।१०७।।

ये सिद्धाः ये सेत्स्यन्ति ये सिध्यन्ति जिनोक्तम् ।
आत्मदर्शनेन ते अपि स्फुटं एतत् जानीहि निर्भ्रान्तम् ।।१०७।।

જે સિદ્ધયા ને સિદ્ધશે, સિદ્ધ થતા ભગવાન;
તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાન્ત. ૧૦૭.

**અન્વયાર્થ** :—[ये सिद्धाः] જે સિદ્ધ થયા છે, [ये सेत्स्यन्ति] જે સિદ્ધ થશે અને [ये सिध्यन्ति] જે સિદ્ધ થાય છે [ते अपि] તેઓ

પણ [स्फुटं] નિશ્ચયથી [आत्मदर्शनेन] આત્મદર્શનથી જ સિદ્ધ થયા છે, [जिनोक्तं] એમ જિનવરદેવે કહ્યું છે. [एतत् निर्भ्रान्तं जानीहि] એ નિસ્સંશય જાણો. ૧૦૭.


संसारह भय-भीयएण जोगिचंद-मुणिएण ।
अप्पा-संबोहण कया दोहा इक्क-मणेण ॥१०८॥

संसारस्य भयभीतेन योगिचन्द्रमुनिना ।
आत्मसंबोधनाय कृतानि दोहकानि एकमनसा ॥१०८॥

સંસારે ભયભીત જે યોગીન્દુ મુનિરાજ;
એકચિત્ત દોહા રચે, નિજ સંબોધન કાજ. ૧૦૮.

**અન્વયાર્થ** :—[संसारस्य भयभीतेन] સંસારથી ભયભીત એવા [योगिचन्द्रमुनिना] યોગીચંદ્ર મુનિએ [आत्मसंबोधनाय] આત્મસંબોધનને માટે [एकमनसा] એકાગ્ર મનથી [दोहकानि] આ દોહાની [कृतानि] રચના કરી છે. ૧૦૮.

✻ યોગસાર સમાપ્ત ✻


अनुभूति तीर्थ महान, स्वर्णपुरी सोहे
यह कहानगुरु वरदान, मंगल मुक्ति मिले.